જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૧૬-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

દેશભરમાં લોકોએ બદલો લેવાની માંગણી સાથે પાકિસ્તાન-આતંકના પૂતળાઓનું દહન કર્યું

પુલવામા હુમલોઃ દેશભરમાં આક્રોશ, ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન

ગુજરાતભરમાં જુદા-જુદા શહેરોમાં આતંકના પૂતળાઓનું દહન કરીને વિરોધ પ્રદર્શન કરાયું, બસ એક જ માંગ પાકિસ્તાન સાથે બદલો, યુદ્ધ એ જ કલ્યાણના નારા પણ લાગ્યા

ગાંધીનગર

કાશ્મીરના પુલવામા ખાતે થયેલા આતંકી હુમલામાં ૪૦ જવાનોની શહિદીના પગલે દેશભરમાં પાકિસ્તાન સામે ભારે રોષની લાગણી સર્જાઈ છે. વિવિધ સંસ્થાઓ, સંગઠનો, રાજકીય પક્ષો દ્વારા પાકિસ્તાન અને આતંકવાદના પૂતળાઓનું દહન કરીને પાકિસ્તાનથી બદલો લે તેવી માંગણી ધીમી ધીમે જોર પકડી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ભારતની સેનાને બદલાની મંજૂરી આપી હોવાની જાહેરાત કરી છે. તો બીજી તરફ કોંગ્રેસ સહિતના અન્ય વિરોધ પક્ષોએ પણ સંકટની આ ઘડીમાં રાજકીય પક્ષાપક્ષીથી દૂર રહીને કેન્દ્ર સરકારને આતંકવાદ સામેની લડાઈમાં પૂરેપૂરો સાથ સહકાર આપવાની જાહેરાત કરીને જેમ અમેરિકામાં ૯/૧૧ના હુમલા વખતે સત્તાપક્ષ અને વિરોધ પક્ષો ખભેખભા મિલાવીને ઉભા રહ્યા હતા તેમ



ભારતમાં પણ આ આતંકી હુમલાના પગલે સત્તાપક્ષ અને વિરોધ પક્ષ આતંકવાદ સામે ખભેખભા મિલાવીને ઉભા રહ્યા છે. જેને એક હકારાત્મક બાબત તરીકે અને રાજકીય પરિપકવતા સમાન માનવામાં આવી રહ્યું છે. હુમલાના સંદર્ભમાં ભારતની સેના દ્વારા પાકિસ્તાન સામે કોઈ વળતી કાર્યવાહી કરવામાં આવે તેવી પણ સંભાવના એટલા માટે જોવામાં આવી રહી છે કે જો એવું પગલું ન ભરે તો સરકારને લોકોના આક્રોશનો ભોગ બનવું પડે. આ વળતી કાર્યવાહી શું હશે કેવી હશે તેની વિવિધ અટકળો ચાલી રહી છે. શક્ય છે કે કદાચ બીજી સર્જિકલ સ્ટ્રાઈક પણ તાકિદના ધોરણે થઈ શકે જેથી બદલો લેવાની માંગણી શાંત થઈ શકે.

અમદાવાદઃ

પુલવામામાં થયેલ આતંકવાદી હુમલાને લઈને અમદાવાદમાં શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. અહીં લોકોએ કેન્ડલ અને ફુલહાર વડે શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. લોકોએ એવી માંગ પણ કરી હતી કે સરકારે હવે સર્જિકલ સ્ટ્રાઈક નહીં પરંતુ પાકિસ્તાન ઉપર હુમલો કરવાની જરૂર છે.

સુરતઃ

સુરતમાં પણ અડાજણ



વિસ્તારનાં સરદાર બ્રિજ પાસે લોકોએ વિરોધ નોંધાવ્યો છે. બ્રિજ પાસે સ્થાનિકોએ ટાયરો સળગાવીને પાકિસ્તાન મુર્દાબાદનાં નારા લગાવ્યાં હતાં અને આતંકી હુમલાની આકરી નિંદા કરી હતી.

મોરબીઃ

મોરબીનાં લોકોમાં પણ આ ઘટનાને લઈને ઉગ્ર આક્રોશ જોવાં મળ્યો. મોરબીનાં ટંકારાનાં ઓટાળા ગામે લોકો જાહેર રસ્તા ઉપર ઉતરી આવ્યાં હતાં અને રોડ પર ટાયરો સળગાવીને આ ઘટનાને લઈ વિરોધ પ્રદર્શન કર્યો હતો. લોકોએ પાકિસ્તાન હાય હાયનાં નારા પણ લગાવ્યાં હતાં.

બનાસકાંઠાઃ

બનાસકાંઠાના પાલનપુરમાં પણ આતંકી હુમલાનો સખત વિરોધ કરાયો હતો. પાલનપુરની જી.ડી.મોદી કોલેજ પાસે આતંકીયોના પૂતળાનું દહન કરાયુ હતું. કોલેજના છાત્રો અને એબીવીપીના કાર્યકર્તાઓએ પાકિસ્તાનના ઝંડા અને આતંકવાદીઓનું પૂતળું બાળ્યું હતું. છાત્રોએ પૂતળા દહન અને સુત્રોચ્ચાર રોષ વ્યક્ત કર્યો હતો.

વાપીઃ

જમ્મુ-કશ્મીરમાં થયેલા આતંકી હુમલાનાં પડઘા વલસાડમાં પણ પડ્યાં છે. સૈનિકો પર થયેલા આતંકી હુમલાને પગલે લોકોમાં રોષ જોવાં મળી રહ્યો છે. વાપીમાં આતંકી હુમલામાં શહીદ થયેલાં જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. ગુંજન વિસ્તારમાં લોકોએ કેન્ડલ માર્ચ યોજીને શહીદોને શ્રદ્ધાંજલિ આપી છે. આતંકવાદને જડબાતોડ જવાબ આપવા સરકાર સમક્ષ લોકોની ઉગ્ર માંગ છે.

વડોદરાઃ

પુલવામામાં હુમલાને લઈને વડોદરાવાસીઓએ પણ શહીદોને શ્રદ્ધાંજલી આપી હતી. એમએસ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કોલેજનાં ડીન, સ્ટાફ અને સિન્ડીકેટે સભ્યોએ શહીદોને શ્રદ્ધાંજલી આપી હતી.

રાજકોટઃ

રાજકોટના જિલ્લા આરોગ્ય કર્મચારીઓ શુક્રવારથી અચોક્કસ મુદ્દતની હડતાલ પર ઉતર્યા. ત્યારે હડતાલ પહેલા તમામ કર્મચારીઓએ મીણબત્તી પ્રગટાવી શહીદોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ગોંડલ જનસેવા યુવક મંડળ દ્વારા જેલ ચોક ખાતે શહીદ ભગતસિંહની પ્રતિમા પાસે કેન્ડલ માર્ચ યોજી શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને બે મિનિટનું મૌન પાળ્યું હતું. ગોંડલ એમ.બી.આર્ટસ કોમર્સ કોલેજ દ્વારા કેન્ડલ માર્ચ યોજી શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

આ દેશને કોઈ પણ શક્તિ તોડી નહીં શકે, સમગ્ર વિપક્ષ સરકાર-સેનાની સાથેઃ રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

જમ્મુ કાશ્મીરના પુલવામાં થયેલા ફિદાયીન હુમલામાં શહીદ થયેલા ૩૭ જવાનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ સેના અને સરકારને કોંગ્રેસ અને વિપક્ષનો ટેકો હોવાનો જણાવ્યું હતું. રાહુલ ગાંધીએ પૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંઘ સાથે એક પત્રકાર પરિષદ યોજી જણાવ્યું હતું કે આ મુદ્દે અમે કોઈ રાજકીય નિવેદન કરવા માગતા નથી. હુમલો દેશના આત્મા પર થયો છે. હું દુઃખી છું. અમે સેના અને સરકારને સંપૂર્ણ સહયોગ આપીશું. રાહુલ ગાંધીએ પુલવામાં હુમલા અંગે જણાવ્યું, ''આ પ્રકારની હિંસા આપણ આતંકવાદનો ઉદ્દેશ્ય દેશના બે ટુકડા કરવાનો છે. આતંકવાદ દેશને તોડવાનો પ્રયાસ કરે છે. આ દેશને કોઈ પણ શક્તિ તોડી નહીં શકે, સમગ્ર વિપક્ષ સુરક્ષા દળો અને સરકાર સાથે ઊભો છે. આ હુમલો, ભારતની આત્મા પર હુમલો છે. દેશના સૌથી વધુ જરૂરી લોકો છે, તેમની વિરુદ્ધ થયો છે. અમે તેમની સાથે ઊભા છે. જે લોકોએ હુમલો કર્યો છે તે સાંભળી લે કે અમે એક કણ નુકસાન કરી નહીં શકીએ.

પૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહે જણાવ્યું હતું કે આપણા દેશે કિંમતી જવાનો ગુમાવ્યા છે. અમે આ હુમલાની નિંદા કરીએ છે. આપણે આતંકવાદ સાથે બાંધછોડ કરી શકીએ નહીં. આખો દેશ એક સાથે મળી આતંકવાદ સામે ઊભો છે. કોંગ્રેસે અધ્યક્ષે કહ્યું છે કે આજે અમારી ભૂમિકા એટલી જ છે કે કોંગ્રેસ પાર્ટી જવાનો સાથે છે.

આતંકવાદીઓએ મોટી ભૂલ કરી છે, કિંમત ચૂકવવી પડશેઃ મોદી

ન્યુ દિલ્હી

પુલવામામાંથયેલા આતંકવાદી હુમલા અંગે વડા પ્રધાન મોદીએ પાકિસ્તાન પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે આ હુમલાની કિંમત આતંકવાદીઓએ ચુકવવી પડશે. વડાપ્રધાને વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના ઉદ્ઘાટન પ્રસંગે જણાવ્યુંહતું કે અમે સૈનિકોને છૂટ્ટો દોર આપી દીધોછે.

તેમણે કહ્યું, ×આ હુમલાને કારણે દેશમાં આક્રોશ છે. લોકોનું લોહી ઉકળી રહ્યુ છે એ હું સમજી શકું છું. આ દેશની અપેક્ષા કંઈક કરી છૂટવાની છે. આ ભાવ સ્વાભાવિક છે. સુરક્ષા દળોને છૂટ્ટો દોર આપી દેવામાંઆવ્યોછે. અમને આપણના સૈનિકોના શૌર્ય, બહાદૂરી પર પૂર્ણ વિશ્વાસ છે. મને પૂરો વિશ્વાસ છે કે દેશ ભક્તિના રંગમાં રંગાયેલા લોકો સાચી જાણકારી આપણી એજન્સીઓ પાસેપહોંચાશેજેનાથી આતંકવાદીને કચડી નાખવા માટેઅમારી લડાઈ વધુતેજ થઈ શકે.

હું આતંકી સંગઠનોઅનેતેમના વડાઓને કહેવા માગું છું કે તેઓ મોટી ભૂલ કરી ચુક્યા છે. આ માટે તમારે મોટી કિંમત ચુકવવી પડશે. હું દેશને ભરોશો અપાવું છું કે હુમલા પાછળ જે પણ તાકાત છે, જે પણ ગુનેગાર છેતેમનેતેના કર્યાની સજા ચોક્કસ મળશે. જે અમારી ટીકા કરી રહ્યા છે તેમની ભાવનાઓનો પણ હું આદર કરું છું. ટીકા કરવાનો તેમનો પૂરો અધિકાર છે. આખા વિશ્વમાં અલગ થઈ ગયેલું આપણું પાડોશી રાષ્ટ્ર જો એવું સમજે છે કે તે પ્રકારનું કૃત્ય તે કરી રહ્યું છે, જે પ્રકારનું કાવતરું રચી રહ્યુ છેતેનાથી ભારતમાં અસ્થિરતા પેદા થશે તો તે આવું સપનું જોવાનું બંધ કરે.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

MARKET 4U™

આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી

સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી

ગીફ્ટમાં મેળવો વાહન સિક્યુરિટી સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)

ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.

ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો

Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, ભિષણ ગુંડુલ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ટુંકવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શનથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદઅંશ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાકમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મોટા કમિશનની લાલચના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવણ જશો, જે માટે સાથે ડાયરેક્ટ હોપક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આપતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેમ્બરશીપ આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
માત્ર રૂ.૫૫૦/- (એકદમ નજીવી રકમથી) આપનો હોદ્દો એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે આપે રાકડમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ફક્ત ત્રણ વર્ષ માટે ૫૫૦૦/- (એકદમ નજીવી રકમથી) આપનો હોદ્દો ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.

સાથે એક વર્ષ માટે મોટર વહીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે આપે રાકડમાં ૬૦૦૦/- ભરવાના રહેશે. આપનો હોદ્દો રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૬૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

હળવદના બ્રાહ્મણી ડેમમાં ૩ દીવસ પહેલા વૃદ્ધે ઝંપલાવ્યું હતુ

એનડીઆરએફ ટીમ દ્વારા સઘન સર્ચ અભિયાન કરી ૩ દીવસ બાદ મુતદહે શોધી કાઢયો



અત્યંત આધુનીક કેમેરાની મદ થીભારે જહેમત બાદ ૩ દીવસ બાદ મૃતદેહ સોધી કાઢયો

હળવદ તાલુકાના બ્રાહ્મણી નદી પર આવેલ સુંદરગઢ ગામ પાસેના બ્રાહ્મણી ૨ ડેમ પુલ પર તારીખ ૧૨ ના રોજ બપોરના ૧ વાગ્યા ની આજુબાજુ એ ચરાડવા ગામના રહેવાસી જેરામભાઈ રવજીભાઈ ચૌહાણે ઝંપલાવ્યું હતું અને સ્થાનિકોને જાણ થતા શોધખોળ કરવામાં આવી હતી જોકે વૃદ્ધનો કોઈ પત્તો લાગ્યો ના હતો અને આ મામલે તંત્રને જાણ કરવામાં આવી હતી અને જીલ્લા અધિક કલેકટર દ્વારા બુધવારે એનડીઆરએફ ટીમને પત્ર પાઠવ્યા બાદ રાત્રીના ટીમ આવી પહોંચી હતી અને ગુરુવારે સવારથી એનડીઆરએફ ટીમ તપાસ ચલાવી હતી સ્થળ પર મામલતદાર વી કે સોલંકી, નાયબ મામલતદાર બી એન કણઝારીયા, જેરામભાઈ સોનગ્રા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત છે દ્વઢઈદ્ધ ટીમના ઈન્સ્પેકટર સૂર્યકાંતકુમાર, સબ ઈન્સ્પેકટર પવનકુમાર શુક્લ, એસઆઈ ઈન્જીનીયર ધરમપાલ, તેમજ હવાલદાર સંજયકુમાર અને પરમાર ભીમસિંહ ૩૩ જણાનો સ્ટાફ દ્વારા આધુનિક કેમેરાની મદદથી સર્ચ અભિયાન ચલાવવામાં આવીયુ અને શોધખોળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી પરંતુ પાણીની સપાટી ઊંડી હોવાથી મૃતદેહ મળેવા ભારે મુશ્કેલી પડી હતી અને એનડીઆરએફ ટીમની ભારે જહેમત ઉઠાવી હતી,

જોકે ઘટનાને ૭૨ કલાકથી વધુ (૩)દીવસ વીતી ગયો હોવાથી ભારે મુસીબતમાં નો સામન નો કરવો પડીયો હતો ભારે જહેમત બાદ મુતદહે ને શુકવાર બપોરના ૧ વાગ્યા ની આજુબાજુ સોધી ને તેના પરિવારજનોને આપવામાં આવ્યો હતો એનડીઆરએફ ટીમ ની બે દીવસ ભારે જહેમત બાદ મૃતદેહ સોધવા માં સફળાતા મળી,

મોટર સાયકલ ઉપર વિદેશી દારૂની હેરાફેરી કરતાં ઈસમને પકડતી ડીવાયએસપી ટીમ વિસનગર



નીલેશ જાજડીયા પોલીસ અધિક્ષક મહેસાણા તથા એમ.બી. વ્યાસ નાયબ પોલીસ અધિક્ષક વિસનગરની સૂચના અને માર્ગદર્શન અનુસંધાને ડીવાયએસપી વિસનગર વિભાગ એ વિસનગર ડિવીજન વિસ્તારમાં પ્રોહિબિશન નેસ્ત-નાબૂદ કરવા સારું એક ટીમની રચના કરેલ જે ટીમે આજ રોજ પટેલ મિતુલકુમાર રાજેશભાઈ રહે વિસનગર છાબલીયા નો ખોચાં તા વિસનગર વાળાને સુઝુકી એકસેસ મોસા સાથે ભારતીય બનાવટનો ઇંગ્લિશ દારૂનો જથ્થો બોટલ નંગ-૧૨૫ કુલ રૂપીયા ૧૩૭૫૦/- તથા મોબાઈલ કી રૂપિયા ૧૦૦૦૦/- તથા સુઝુકી એકસેસ મોસા .કી રૂપિયા ૫૦૦૦૦/-મળી કુલ રૂપિયા ૭૩૭૫૦/- મુદ્દા માલ સાથે પકડી પાડી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી માટે વિસનગર પોલીસ શહેર સ્ટેશન ખાતે સોપેલ છે.

મોટરસાઈકલ ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલી એક આરોપીની ધરપકડ કરતી એલ.સી.બી.મહેસાણા



મહેસાણા પોલીસ અધિક્ષક નિલેષ જાજડીયાએ મહેસાણા જીલ્લામાં બનેલ વાહન ચોરીના ગુના શોધી કાઢવા કરેલ સુચના અન્વયે એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર એસ. એસ. નિનામાંની સુચના આધારે પો.સબ.ઈન્સ આર.જી. યૌધરી તથા એ.એસ.આઈ 'જહીરખાન ઈબ્રાહીમખાન તથા એ.એસ. આઈ કાન્તીભાઈ સોમાભાઈ તથા એ.એસ. આઈ રમેશજી રજુજી તથા અ.હેડ કોન્સ. ચતુરજી વિરસંગજી તથા પો.કો હિમ્મત હરીભાઈ નાઓ ઉઝા તાલુકા વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન દાસજ ચાર રસ્તા નજીક વાહન ચેકીંગ દરમ્યાન શકમંદ રાજપુત કાળુજી અમરસિંહ રહે. ભુણાવ તા.ઉંઝા વાળાઓને પકડી તેઓની પાસેના મો.સા.ના સાધનીક કાગળો માંગતા નહી હોવાનું જણાવતા સદરી ઇસમ પાસેથી મળી આવેલ મોટર સાઈકલ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબજે કરી આરોપીને સી.આર.પી.સી કલમ ૪૧ (૧) ડી મુજબ અટક કરી પુછપરછ કરતાં પકડાયેલ મોટર સાયકલ સાતેક માસ અગાઉ ઉંઝા એઠોર ચોકડી પાસેથી ચોરી કરેલાની કબુલાત કરેલ અને બીજુ એક બાઈક આઠેક માસ અગાઉ પાટણ સહસ્ત્રલીગ તળાવના ગેટ આગળથી ચોરેલાની કબુલાત કરતાં બંને મોટર સાઈકલો કિ,રૂ. ૩૫૦૦૦/- નો મુદ્દામાલ કબજે કરી ઉંઝા પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નં ૧૧/૧૯ થી નોંધ કરાવી મુદ્દામાલ તથા આરોપી સોંપવામાં આવેલ છે.આમ લોકલ ક્રાઇમ બ્રાન્ચ મહેસાણાને જીલ્લામાં તથા પાટણ જીલ્લામાં બનેલ બાઈક ચોરીના ગુનાઓ શોધી આરોપી પકડવામાં સફળતા મળેલ છે.

આતંકવાદી હુમલાથી હળવદવાસીઓમાં રોષ : શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી શાંતિ રેલીકાઢી આવેદન પત્ર આપ્યું, આકરા પગલા લેવા માંગ





જમ્મુ કશ્મીર ના પુલવા માં આતંકવાદી હુમલા માં શાહિદ થયેલ વીર જવાનો ને શ્રદ્ધાંજલિ અર્પવા માટે આજરોજ હળવદ માં શાંતિ રેલી કાઢી અને વીરાંજલી અર્પવા માટે ના કાર્યક્રમ નું આયોજન કરયુ હળવદ ની તમામ સ્કૂલના વિદ્યાર્થીઓ વાલીઓ હળવદ વ્યાપારી મહા મંડળ તથા હળવદ શહેર ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં રેલીમાં જોડાઈને શ્રદ્ધાંજલી અર્પણ કરી મૌન રેલી શ્રી શરણેશ્વર મહાદેવ મંદિર થી ૧૫/૨/૨૦૧૯ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે પ્રસ્થાન કરી જે દરબારનાકા થઈ શહેર ના મુખ્ય માર્ગ પર થઈ અને વિનોબા ગ્રાઉન્ડ ખાતે પૂર્ણ કરવામાં આવી.

પુલવા માં CRPF ના કાફલા પર થયેલજવાનો ને અશ્રુભીની શ્રદ્ધાંજલિ અને ઘાયલ થયેલ જવાનો ઝડપ થી સ્વસ્થ થઈ જાય એજ માઁ ભારતી ના ચરણો માં પ્રાર્થના કરવામાં આવી . કાશ્મીરમાં જવાનો પર થયેલા આતંકવાદી હુમલાથી દેશ ભરમાં આતંકવાદીઓ અને પાકિસ્તાન સામે રોષની લાગણી ફેલાઈ છે. ત્યારે હળવદ માં પણ આતંકવાદી હુમલાની લોકોએ રોષભેર આકરી નિંદા કરી હતી અને સાથે હુમલામાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. હળવદ ની તમામ સ્કૂલના વિદ્યાર્થીઓ મૌન રેલી સ્વરૂપે શ્રધ્ધાંજલિ અર્પણ કરી આવેદનપત્ર આપ્યું હતું

આર્મીના જવાનો પર આતંકવાદી હુમલાથી રોષે ભરાયેલા હળવદ વાસીઓ રોષભેર પાકિસ્તાન મુરદાબાદના નારા લગાવયા હતા. અને સરકાર પાસે આતંકી હુમલા સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. તેમજ સાથે શહીદ જવાનોને શ્રદ્ધાંજલી આપી ,કેન્ડલ સળગાવી શહીદ જવાનોને અશ્રુભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ ઉપરાંત હળવદ ની અનેક રાષ્ટ્ર પ્રેમી સંસ્થા દ્વારા પણ શહીદ જવાનો માટે શ્રદ્ધાંજલિ આપતા જાહેર કાર્યકમોના આયોજન થયા હતા કાશ્મીરમાં થયેલા સીઆરપીએફના જવાનો પર થયેલા આતંકવાદી હુમલાને હળવદવાસીઓએ કડક શબ્દોમાં નિંદા કરી પાકિસ્તાન સામે સરકાર કડક હાથે કામ લે તેવી લાગણી વ્યક્ત કરી હતી

આપ્રસંગે શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ રાવલ, બીપીનભાઈ દવે, ડો કે, એમ, રાણા, ધનશ્યામભાઈ દવે હીતેન ઠક્કર દીપકદાસજી મહારાજ સહીત સ્કુલનાતમામ સંચાલકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા

વિકાસ રોક દો પણ ૪૨ શહીદોની સામે લાહોર જલવુ જોઈએના નારા

મોરબી જિલ્લાના યુવાનો રોડ પર ઉતર્યા : ટંકારાના ઓટાળા ગામે યુવાનો રોડ પર ઉતરી ટાયરો સળગાવ્યા

પાકિસ્તાન મુરદાબાદ ના નારા લાગાવી યુવાનોએ વિરોધ કર્યો

ટાયર સળગાવી મોદી સરકારને લાલ આંખ કરવાની વાત કરી અને આંતકવાદી વિરૂધ્ધ નારા લગાવ્યા, વિકાસ રોક દો પણ ૪૨ શહીદો ની સામે લાહોર ઝલવુ જોઈએ. ટંકારા ના ઓટાળા ગામે યુવાનો રોડ પર ઉતરી આવ્યા ટાયરો સળગાવી પાકીસ્તાન મુરદાબાદ ના નારા લગાવ્યા લોકો મા રોષ ભભૂકી ઉઠયો છે હવે સરકાર જાગે સોશ્યલ મિડીયા આગબબુલુ

બનાવ અંગે મળતી વિગતો મુજબ આજે જમ્મુ કાશ્મીર ના પુલવા મા થયેલ હુમલા બાદ ૪૨ જવાનો શહીદ થયા હોવાનું જાણવા મળ્યું છે જોકે ૩૦ જેટલા જવાનો હજુ ધાયલ છે જેમા ૧૫ ની ગંભીર હાલત છે આ ઘટના ને લઈને દેશ આખા મા આંતકવાદી સામે રોષ ભભૂકી ઉઠયો છે અને હવે પાકિસ્તાન ને પાડી દેવા ની વાત સાથે ટંકારા ના ઓટાળા ગામે યુવાનો રોડ પર ઉતરી ટાયરો સળગાવી મોદી સરકાર ને લાંલ આખ કરવા ની વાત કરી હતી અને આંતકવાદી વિરુદ્ધ નારા લગાવ્યા હતા

મોરબીમાં જૂથ અથડામણ: એકની હત્યા, ત્રણને ગંભીર ઈજા

મોરબી

મોરબીના વિસીપરા વિસ્તારમાં રહેતા ૫ જેટલા મિત્રો રફાળેશ્વર ગામ નજીક ગુરુવારે મોડી રાત્રે જમવા ગયા હતા. જો કે જે સ્થળે તેઓ જમવા ગયા હતા ત્યાં આરોપી અને ફરિયાદીના મોટા બાપુજી વચ્ચે બોલાચાલી થઈ હતી. આરોપીએ તમે મારો મચ્છી મુરઘીનો થડો પડાવી લેવા કેમ આવ્યા છો તેમ કહી ઝઘડો કરવા લાગ્યા હતા. ઝઘડો વધતા અન્ય ૧૦ જેટલા લોકો તલવાર અને ધોકાથી ૫ યુવાનો પર હુમલો કર્યો હતો. જેમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નીપજયું હતું. જ્યારે ત્રણ વ્યક્તિને ગંભીર ઈજા પહોચાડી હતી. જેમને સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં રીફર કર્યા હતા. બનાવ અંગે તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોરબીના વિસીપરા વિસ્તારમાં રહેતો યુવક ઈમરાન ફરીદ જેડા અને તેના મિત્રો રોહિત, અલીમામદ મયુદીન સંધવાણી, પ્રશાંત ઉર્ફે લાલો રામજીભાઈ હુસેન જુસબભાઈ સહિતના એક કારમાં તેમના મોટા બાપુ સઈદુ મેપાભાઈ જેડાના કહેવાથી રફાળેશ્વર નજીક ઈશાક અલીભાઈ જામની હોટેલમાં જમવા ગયા હતા. જો કે રાત્રીના સમયે ઈશાકભાઈ અને સઈદૂ વચ્ચે ઝઘડો થયો હતો. ઈશાક ભાઈએ તમે અમારો થડો પડાવી લેવા આવ્યો છે તેમ કહેતા બોલાચાલી થઈ હતી. કાસમ ઈશાક મોવર, ઈશાક અલી જામ, વલી ઈશાક જામ , અલી ઈશાક જામ, અનવર ઈશાક જામ અને અન્ય ૫ જેટલા અજાણ્યા શખ્સ ધસી આવ્યા હતા. પાઈપ, ધારીયું, તલવાર અને ધોકા જેવા હથિયારથી જીવલેણ હુમલો કર્યો હતો.

આ હુમલો એટલો ઘાતક હતો કે સઈદુ મેપા જેડાના મોઢા અને માથામાં ધારિયાથી ગંભીર ઈજા પહોચતા તેનું ઘટનાસ્થળે મોત નીપજયું હતું. જયારે અલી સંધવાણી અને પ્રશાંતને પણ ગંભીર ઈજા પહોચતા સારવાર માટે પ્રથમ મોરબી સિવિલ બાદ વધુ સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા.

૧૯૯૩ મુંબઈ બ્લાસ્ટનો આરોપી દુબઈથી પકડાયો, ભારત લવાશે

મુંબઈ

મુંબઈમાં ૧૯૯૩માં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં વિસ્ફોટકને ટ્રાંસપોર્ટ કરવાના આરોપી ૫૧ વર્ષના ભાગેડુ અબુ બકરને સાઉદી અરબમાં પકડવામાં આવ્યો છે. ભારતીય સુરક્ષા એજન્સીઓથી પ્રાપ્ત ઈનપુટની મદદથી આરોપીને પકડવામાં આવ્યો છે જેને જલદી જ ભારત લાવવામાં આવશે. સેન્ટ્રલ મુંબઈ નિવાસી અબુ બકર અબ્દુલ ગફૂરે બ્લાસ્ટ પહેલા પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં કથિત રુપથી ઘણા લોકો સાથે મળીને વિસ્ફોટકો અને હથિયારોની ટ્રેનિંગ લીધી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર બોમ્બ બ્લાસ્ટ કેસમાં ક્યારેય પકડવામાં નથી આવ્યો. સૂત્રો અનુસાર અબુ બકરનું નામ તપાસ દરમિયાન અને બીજા આરોપીઓના નિવેદનોથી હટાવી દેવામાં આવ્યું હતું. આને લઈને સીબીઆઈએ નવેમ્બર ૧૯૯૭માં રેડ કોર્નર નોટિસ જાહેર કરી હતી. ઈન્ટરપોલ નોટિસે દેશદુનિયાની સુરક્ષા એજન્સીઓના આરોપી મામલે એલર્ટ આપ્યું હતું અને આરોપીને પકડવા માટે આદેશ આપ્યો હતો.

જો કે એ વાતની પુષ્ટિ નથી થઈ કે તેને સઉદી પોલીસ દ્વારા કેવી રીતે પકડવામાં આવ્યો. બ્લાસ્ટની તપાસમાં સામે આવ્યું હતું કે અબુ બકરે ૧૨ માર્ચ ૧૯૯૩ સીરિયલ બોમ્બ બ્લાસ્ટ પહેલા ષડયંત્રનું પ્લાનિંગ કરવા માટેની મીટિંગમાં ભાગ લીધો હતો. મીટિંગ ઘણી જગ્યાઓ પર થઈ હતી અને મામલાના મુખ્ય આરોપી દાઉદ ઈબ્રાહિમ પણ આ બેઠકોમાં શામિલ થયો હતો.

ઓઈલ ચોરીના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને સુરજ તા.કડી ગામની સીમમાંથી પકડી પાડતી મહેસાણા એસ.ઓ.જી.પોલીસ

ગુજરાત સરકાર, ગૃહ વિભાગ તરફથી નાસતા ફરતા આરોપીઓ પકડવા આપવામાં આપેલ ઝુંબેશ અનુસંધાને મહેસાણા પોલીસ અધિક્ષક નિલેશ જાજડીયા નાઓએ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અસરકારક કામગીરી કરવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સારૂ એસ.ઓ.જી.પો.સબ ઈન્સ. એમ.ડી.ચંપાવત નાઓની સુચના મુજબ એસ.ઓ.જી. પો.સબ ઈન્સ. એચ.એલ.ચાવડા તથા એસ.ઓ.જી.પોલીસ સ્ટાફના અનાર્મ હેડ કોન્સ.અનિલકુમાર, ભીમાભાઇ વિગેરેનાઓ કડી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમિયાન મળેલ ખાનગી બાતમી હકીકત આધારે ચોટીલા જી.સુરેન્દ્રનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૫૭/૨૦૧૮ ઇપીકો ક.૩૭૯, ૩૦૮, ૨૮૫, ૧૧૪, ૧૨૦બી તથા પી.એમ.પી.એકટ કલમ ૧૫(૨), ૧૬ મુજબ મુજબના ગુન્હાના કામે નાસતો ફરતો આરોપી ઠાકોર મુકેશજી છનાજી પ્રહલાદજી રહે.સુરજ, ભગતનો વાસ તા.કડી વાળાને આજરોજ તા.૧૫/૦૨/૨૦૧૯ ના રોજ સુરજ ગામની સીમમાંથી પકડી પાડી સી. આર. પી. સી. ક.૪૧(૧) આઇ મુજબ અટક કરી કાયદેસર થવા સારૂ કડી પો.સ્ટે. સોપવામાં આવેલ છે. આમ, મહેસાણા એસ.ઓ.જી.ને વધુ એક નાસતો ફરતો આરોપી પકડી પાડવામાં સફળતા મળેલ છે.

વાઘે ૩ બકરાનો શિકાર કરતા અરેરાટી વ્યાપી

પંચમહાલ

પંચમહાલના શેહરા તાલુકાના બોરીયા ગામ પાસે વાઘે ૩ બકરાંનો શિકાર કર્યો છે. તેમાંથી તે એક બકરાને ખેંચીને લઈ ગયો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ આ સ્થળે ૩ વાઘ જોવા મળ્યા હતા. બકરાં ચરાવનારો વ્યક્તિ પણ વાઘને જોઈને પોતાનો જીવ બચાવવા માટે ઝાડ પર ચડી ગયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, બકરાં ચરાવવા ગયેલા એક ગોવાળે દાવો કર્યો છે કે તેની બકરીઓ પર ૧ વાઘ અને વાઘનાં ૨ બચ્ચાંએ હુમલો કર્યો હતો. જેમાં તેમણે ૩ બકરાનું મારણ કર્યું હતું, જેમાંથી તે એક બકરીને ખેંચીને લઈ ગયો હતો.

બોરીયાના જંગલ વિસ્તારમાં ચરવા માટે ગયેલા ગોવાળી બકરીઓ પર હુમલાની ઘટનાના સમાચાર મળતાં વન વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી છે અને વધુ તપાસ હાથ ધરી છે.

અત્યાર સુધી એક જ વાઘ હોવાની વાત બહાર આવી હતી. હવે, બોરીયા ગામના ગોવાળે નજરે જોયા મુજબ એક વાઘ છે અને તેની સાથે બે બચ્ચાં પણ છે.

ડાંગ જિલ્લામાં ચૂંટણીલક્ષી કામગીરી માટે કલેક્ટર ડામોરનું માર્ગદર્શન

ચૂંટણીની કામગીરીમાં સૌને ચોકસાઈ અને તકેદારી દાખવવા સૂચના

આહવા

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીને લગતી ૧૭૩-ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની તમામ કામગીરી ખૂબ જ ચોક્સાઇ અને તકેદારી સાથે હાથ ધરવાની સૂચના આપતા ડાંગના જિલ્લા ચૂંટણી અધિકારી-વ-કલેક્ટર શ્રી એન.કે.ડામોરે જિલ્લાના ચૂંટણી કામગીરી માટે નિયુક્ત કરાયેલા જુદી જુદી સમિતિઓના નોડલ ઓફિસરોને તેમની કામગીરી બાબતે માર્ગદર્શિત કર્યા હતા.

ડાંગ કલેક્ટોરેટ ખાતે યોજાયેલી એક અગત્યની બેઠકને સંબોધતા કલેક્ટર શ્રી ડામોરે ચૂંટણીલક્ષી કામગીરીમાં પરસ્પર સંકલન અને સહયોગ સાથે જિલ્લામાં ગુપ્ત, મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી યોજાઇ તે માટે આદર્શ વ્યવસ્થા ભી કરવાની અપીલ સાથે ખૂબ જ સંવેદનશીલતા સાથે ચૂંટણીની કામગીરી હાથ ધરવા પણ જણાવ્યું હતું.

જિલ્લામાં ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા કર્મચારી/અધિકારીઓની તાલીમ સહિત કર્મચારી/અધિકારીઓની ઉપલબ્ધતા, ઇ.વી.એમ. મેનેજમેન્ટ, આદર્શ આચાર સંહિતાનું પાલન, ચૂંટણીલક્ષી ખર્ચ, કાયદો અને વ્યવસ્થા, સ્વીપ, એ મ.સી.એ મ.સી., એસ.એમ.એસ. મોનિટરિંગ, સ્થળાંતરીત મતદારો, બેલેટ પેપર, પોસ્ટ બેલેટ સહિત ચૂંટણીલક્ષી સાહિત્ય, ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ, દિવ્યાંગ અને અશક્ત મતદારો, વેલ્ફેરને લગતી કામગીરી, કોમ્પ્યુટરાઇઝેશન સહિત હેલ્પ લાઇન અને કમ્પ્લેઇન જેવી જુદી જુદી સમિતિઓ દ્વારા હાથ ધરાનારી કામગીરી સંદર્ભે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓએ જરૂરી પૃચ્છા સાથે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું.

ચૂંટણી કામગીરી દરમિયાન પૂર્વ મંજુરી વિના ગેરહાજર રહેનારા અધિકારી/કર્મચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા સાથે ચૂંટણીલક્ષી બેઠકોમાં નિયત કરાયેલા અધિકારી/કર્મચારીઓ, નોડલ ઓફિસરો વિગેરેને તેમના પ્રતિનિધિ નહીં મોકલતા સ્વયં ઉપસ્થિત રહેવાની સૂચના પણ કલેક્ટર શ્રી એન.કે.ડામોરે આપી હતી. નોડલ ઓફિસરોની બેઠક બાદ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એન.કે.ડામોરે જિલ્લાના સેક્ટર/ઝોનલ ઓફિસરોને પણ તેમની કામગીરી બાબતે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયા સહિત નિવાસી અધિક કલેક્ટર શ્રી ટી.કે.ડામોર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી શિવાજી તબિયાર, પ્રાંત અધિકારી કાજલ ગામીત, ચૂંટણી મામલતદાર શ્રી ભરત સક્સેના સહિત જુદી જુદી સમિતિના નોડલ ઓફિસરો વિગેરેએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

સૈન્યને સમય, સ્થાન અને પદ્ધતિ પસંદગી કરવાની ખુલ્લી છૂટ: પીએમ મોદી

ઝાંસી

પુલવામા આતંકવાદી હૂમલા બાદ શુક્રવારે ઝાંસીમાં જાહેરસભાને સંબોધન કરવા પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનને ચેતવણી આપી છે અને કહ્યું છે કે આ હૂમલાનો બદલો લેવામાં આવશે. સેના જવાબી કાર્યવાહી કરવા માટે સમય અને સ્થાન નક્કી કરવાની મંજૂરી આપી દીધી છે. પીએમ મોદીએ કહ્યું છે આપણા જવાનોએ દેશની રક્ષામાં તેમના પ્રાણની આહૂતિ આપી દીધી છે. તેમનું આ બલિદાન વ્યર્થ નહી જાય. પુલવામાના દોષિતોને સજા જરૂર મળશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશ આજે ખુબ જ દુ:ખી છે. તમારા બધાની ભાવનાઓને હું ખુબ સારી રીતે જાણું છું. સેનાને કાર્યવાહી કરવા માટે પુરી છૂટ આપી દીધી છે. શહીદોનું બલિદાન વ્યર્થ નહી જાય. પાકિસ્તાનની હાલ બહુ જ ખરાબ કરી નાંખી છે. મોટા મોટા દેશોએ પાકિસ્તાનથી અંતર બનાવી દીધું છે. પાકિસ્તાન કટોરો લઈને ભટકી રહ્યું છે. તેની હાલત ખરાબ થઈ ગઈ છે.

વડાપ્રધાને કહ્યું કે સુરક્ષાદળોને આગળની કાર્યવાહી કરવા માટે, સમય કયો રાખવો, સ્થાન કયું રાખવું અને સ્વરૂપ કેવું રાખવું તે નક્કી કરવાની મંજૂરી આપી દીધી છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે અત્યંત ખરાબ સ્થિતીમાં તેઓ ભારત પર આવી હૂમલા કરીને, પુલવામા જેવી તબાહી મચાવીને અમને પણ તેઓ બદહાલ કરવા માંગે છે. પણ તેમની ઈચ્છાઓ પુરી નહી થાય અને દેશના ૧૩૦ કરોડ લોકો સાથે મળીને તેનો જવાબ આપશે, જડબાતોડ જવાબ આપશે.

પીએમ મોદીએ સભામાં કહ્યું હતું કે અમારો પડોશી દેશ એ ભૂલી રહ્યો છે કે આ નવી રીતિ અને નવી નીતિવાળું ભારત છે.



આતંકી સંગઠનો અને તેના આકાઓએ જે હેવાનિયત દર્શાવી છે, તેનો પુરો હિસાબ લેવાશે. હવે બુંદેલખંડને દેશની સુરક્ષા અને વિકાસનું કોરિડોર બનાવવાની ઝૂંબેશ શરૂ થઈ ચુકી છે. ઝાંસીથી આગ્રા સુધી બની રહેલ ડિફેન્સ કોરિડોર દેશને મજબૂત કરવાની સાથે બુંદેલખંડ અને ઉત્તરપ્રદેશના યુવાનોને રોજગારીનો નવો અવસર પણ મળશે. જ્યારે મોટા ઉદ્યોગોની સ્થાપના થાય ત્યારે તેની આસપાસ નાના નાના ઉદ્યોગ પણ સ્થપાય છે. ઝાંસી અને તેની આસપાસના ક્ષેત્રોમાં જે નાના ઉદ્યોગોને છે, તેમને આ કોરિડોરથી ખૂબ લાભ થશે. આ કોરિડોરથી લાખો યુવાનોને સીધી નોકરીઓ મળશે.

વડાપ્રધાન મોદીએ સભાને સંબોધન કરતાં કહ્યું હતું કે ઝાંસી વીરો અને વીરાંગનાની ધરતી છે, અહીંયાથી તેઓ ૧૩૦ કરોડો લોકોનો સંદેશ આપવા માંગે છે, અમે દેશની સેના પર કોઈ શક નથી. અમને સેના પર ખુબ જ વિશ્વાસ છે. અમે સેનાને તમામ નિર્ણયો લેવાની મંજૂરી આપી દીધી છે.

જમ્મુ બંધ: બે જૂથ વચ્ચે ભારે પથ્થરમારો, ડીઆઈજી સહિત ૪૦ ઘાયલ

જમ્મૂ

જમ્મુ-કશ્મીરનાં પુલવામામાં CRPFનાં કાફલા પર થયેલ હુમલાનાં વિરોધમાં શુક્રવારનાં રોજ જમ્મુ બંધ દરમ્યાન જબરદસ્ત વિરોધ પ્રદર્શન થયો. લોકોમાં ખૂબ આક્રોશ જોવા મળી રહ્યો છે. સવારથી જ લોકો જાહેર માર્ગો પર વિરોધ પ્રદર્શન કરવા નીકળી પડ્યાં અને ચાર રસ્તાઓને જામ કરી દીધાં. પાકિસ્તાનનાં ઝંડાઓ પણ સળગાવીને ભારે સૂત્રોચ્ચાર સાથે વિરોધ કર્યો. ટાયરો સળગાવ્યાં. બજારો પણ હાલમાં સંપૂર્ણ રીતે બંધ છે.

ગુરૂનગર વિસ્તારમાં પ્રદર્શનકારીઓએ અનેક વાહનોને આગચંપી પણ કરી દેવાઈ છે. જો કે બે જૂથોમાં થયેલ પથ્થરબાજીમાં ડીઆઈજી વિવેક ગુપ્તા સહિત લગભગ ૪૦ લોકો ઘાયલ પણ થયાં છે. હાલમાં હાલત પણ ખૂબ તણાવપૂર્ણ જોવા મળી રહેલ છે. જગ્યા-જગ્યાએ સુરક્ષાદળો તૈનાત કરી દેવામાં આવેલ છે.

આ હુમલાનાં વિરોધમાં ચેમ્બર ઓફ કોમર્સે શુક્રવારનાં રોજ બંધનું એલાન કર્યું હતું. બંધને તમામ રાજનૈતિક અને સામાજિક સંગઠનોને સમર્થન આપ્યું છે. તમામ ખાનગી સ્કૂલો પણ બંધ હતી. કેટલીક સ્કૂલો ખુલ્લી હતી.

ભારતમાં થયેલા આતંકી હુમલાની ઈઝરાયેલ, રશિયા, બાંગ્લાદેશ સહિતના દેશોએ નિંદા કરી

પોતાની જમીન પર આતંકી પ્રવૃતિઓને સમર્થન આપવાનું તુરંત બંધ કરો: અમેરિકાની પાક.ને ચેતવણી

આ હુમલાના જવાબદાર લોકોને સજા મળવી ખૂબ જરૂરી છે. અમે આ ઘટનાની આકરી નિંદા કરીએ છીએ: રશિયા રાષ્ટ્રપતિ

ન્યુ દિલ્હી

પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરના પુલવામામાં થયેલા આતંકી હુમલામાં તેમની કોઈ પણ પ્રકારની ભૂમિકા હોવાનો ઈકાર કર્યો છે. પાકિસ્તાન સરકારે પ્રેસ રિલીઝ જાહેર કરીને આને ગંભીર ચિંતાનો વિષય ગણાવ્યો છે. બીજી બાજુ અમેરિકાના રાષ્ટ્રપતિ ભવનથી પાકિસ્તાનને ચેતવણી આપવામાં આવી છે. વ્હાઈટ હાઉસના પ્રવક્તા સારા સેન્ડર્સે કહ્યું છે કે, પાકિસ્તન તુરંત તેમની જમીન પરથી ચાલતા આતંકી સંગઠનોને સમર્થન આપવાનું બંધ કરે. તેઓ માત્ર વિસ્તારમાં હિંસા અને આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યા છે.

બીજી બાજુ અમેરિકન વિદેશ મંત્રાલયે તેમના નિવેદનમાં પાકિસ્તાનનું નામ લઈને કહ્યું છે કે, દરેક દેશે આતંક વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રના પ્રસ્તાવ અંતર્ગત તેમની જવાબદારી સમજવી પડશે અને આતંકીઓને આસરો આપવાનું બંધ કરવું પડશે. અમે આતંકવાદનો મુકાબલો કરવા દરેક સ્થિતિમાં ભારત સાથે ઉભા છીએ. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આતંકી જાહેર કરવામાં આવેલા પાકિસ્તાનના જૈશ-એ-મોહમ્મદ સંગઠન દ્વારા આ હુમલો કરવામાં આવ્યો છે. પીડિતોના પરિવાર સાથે અમારી સંવેદના છે.

રશિયા, ઈઝરાયલ, ફ્રાન્સ, માલદીવ, બાંગ્લાદેશ, થાઈલેન્ડ, શ્રીલંકા, કેનેડા સહિત ઘણાં દેશોએ જવાનોની શહાદત પર દુ:ખ વ્યક્ત કર્યું છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને હુમલામાં શહીદ થયેલા જવાનોની શહાદત સામે દુ:ખ વ્યક્ત કર્યું છે. પુતિને કહ્યું છે કે, આ હુમલાના જવાબદાર લોકોને સજા મળવી ખૂબ જરૂરી છે. અમે આ ઘટનાની આકરી નિંદા કરીએ છીએ.

બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ કહ્યું કે, ઢાકા હંમેશા આતંકી ગતિવિધિઓ સામે ઝીરો ટોલરન્સ પોલિસી જાળવી રાખશે. ઘાયલો જલદી સાજા થઈ જાય તે માટે અમે પ્રાર્થના કરીએ છીએ. જ્યારે ભારતમાં ઈઝરાયલના રાજદૂત રોન માલ્કાએ હુમલામાં શહીદ થયેલા જવાનો પ્રતિ સંવેદના વ્યક્ત કરતા કહ્યું છે કે, અમે આ મુશ્કેલ સમયમાં ભારતની સાથે છીએ.









તંત્રી સ્થાનેથી...

લૂંટ, ચોરીના બનાવો

દેશના જુદા જુદા ભાગોમાં હાલના દિવસોમાં વધતી લુંટ, ધાડ, ચોરી અને અન્ય અપરાધની ઘટનાઓના કારણે રસ્તા પર ચાલતા જતા લોકોમાં વ્યાપક ભય જોવા મળે છે. ખાસ કરીને મોટા શહેરોમાં આ પ્રકારની ઘટનાઓ દિન પ્રતિદિન વધી રહી છે. આવી વધતી જતી ઘટનાને રોકવા માટે પોલીસ દ્વારા વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં સ્થિતી સામાન્ય બની રહી નથી. લોકો પરેશાન થયેલા છે. ચેનાઇ, મુંબઇ, દિલ્હી, અમદાવાદ અને અન્ય મોટા શહેરોમાં આ પ્રકારની ઘટનાઓ વધી રહી છે. આ પ્રકારની ઘટનાઓથી સામાન્ય નાગરિક ખૌફમાં છે. રસ્તા પર ચાલતી મહિલાઓ અને પુરૂષોમાં વ્યાપક ખૌફ જોવા મળે છે. હવે દાગીના પહેરીને ચાલવા અને રોકડ રકમ લઇને જાહેર રસ્તા પર ચાલવાની બાબત ખતરાથી ખાલી નથી. અહીં સુધી કે મહિલાઓના ગળામાંથી ચેઇન આંચકી લેવાની ઘટના બની રહી છે. જેથી મહિલાઓ ગળામાં ચેન પહેરવામાં પણ ખટકાટ અનુભવ કરે છે. રોજ આ પ્રકારની ઘટના બની રહી છે. આમાંથી કેટલીક ઘટના પોલીસ સુધી પહોંચે છે અને મોટા ભાગની ઘટના પોલીસ સુધી પહોંચતી નથી. પિડિત વ્યક્તિ પોતાને પરેશાન કરીને શાંત રહે છે. તેઓ પોલીસના ચક્કરમાં પડવા માંગતા નથી. ચાલતા જતી મહિલાઓને તો ખુબ સાવધાની રાખવી પડે છે. આ જ કારણસર હાલમાં અપરાધીઓનો જુસ્સો વધી રહ્યો છે. પગલા લેવામાં તંત્ર ઉદાસીન દેખાતા અપરાધીઓને ખુલ્લો દોર મળી ગયો છે. સ્થિતીની ગંભીરતાનો અંદાજ આના પરથી જ કરી શકાય છે કે હાલમાં નિવૃત ડીઆઇજીની પત્ન પાસેથી ૪૦ ગ્રામ સોનાના દાગીના આંચકી ચેન્નાઇમાં અપરાધી ફરાર થઇ ગયા હતા. કમકમાટી મુકે તેવી ઘટના બની રહી હોવા છતાં પોલીસ વહીવટીતંત્ર મૌન છે. તમામ દાવા કરવામાં આવી રહ્યા હોવા છતાં આવી ટોળકીનો પર્દાફાશ કરવામાં સફળતા મળી રહી નથી. અપરાધીઓએ હવે તો મોબાઇલ હાથમાં લઇને ચાલવાની બાબત પણ મુશ્કેલ કરી દીધી છે. બહારના લોકો સરળતાથી આના શિકાર થઇ રહ્યા છે. એટલુ જ નહીં થોડાક સમય માટે ઘરને જો બંધ કરીને અન્યત્ર જવામાં આવે તો લોક તોડીને દાગીના અને અન્ય ચીજોની ચોરી કરવાના બનાવ વધી રહ્યા છે. પોલીસ એકબે કેસમાં ચોરને પકડી પાડીને પોતાની પ્રશંસા કરતી રહે છે. જો કે આવા બનાવો અનેક બની રહ્યા છે. ચેન્નાઇની વાત કરવામાં આવે તો અહીં ૮.૫ લાખ લોકો રહે છે. જે પૈકી મોટા ભાગના લોકો કામદારો છે. મોટા ભાગના લોકો નોકરીદાર છે. જે મોડી રાત સુધી કામ કરે છે. આ લોકો મોડેથી ઘરે પરત ફરે છે. આવી સ્થિતીમાં ચોર અને લુંટારાના સરળતાથી શિકાર થઇ જાય છે. પોલીસ પાસે જ્યારે આવા મામલા પહોંચે છે ત્યારે પોલીસ ફરિયાદ કરનારને જ જેમ તેમ સવાલ કરતા રહે છે. હાઇ પ્રોફાઇલ વિસ્તારોમાં પણ ચોરી, લુટની ઘટનાઓ બની રહી છે. આવી વધતી જતી ઘટનાઓના કારણે પોલીસની નિષ્ક્રિયતા ખુલી પડી ગઇ છે. પોલીસ કર્મચારીઓ વધારે અસરકારક બનીને તેમની પાસે રહેલી વ્યવસ્થાનો ઉપયોગ કરીને આગળ વધે તે જરૂરી છે.

દેશના વિવિધ ભાગોમાં વિવિધ પ્રકારના ગુના વધી રહ્યા છે જે ચિંતાજનક બાબતો

શરીર પર દવાના પ્રયોગ ખતરનાક સાબિત થઇ શકે

આધુનિક સમયમાં લોકો તબીબો પાસે સલાહ લીધા વગર એન્ટી બાયોટિક્સ દવા લેતા થયા છે. આ બાબતની નિષ્ણાંતો અને તબીબોએ ગંભીર નોંધ લીધી છે. તબીબોએ કહ્યું છે કે નિષ્ણાંતોની જરૂરી સલાહ વગર કોઇ પણ દવા જાતે લઇ લેવાની બાબત ખતરનાક સાબિત થઇ શકે છે. તેની અનેક આડ અસર પણ થઇ શકે છે. આજે મોટા ભાગના લોકો ખુબ વ્યસ્ત લાઇફ જીવી રહ્યા છે. આવા સમયમાં આરોગ્યને જાળવી શકતા નથી. બિમાર થવાની સ્થિતીમાં તરત જ કામચલાઉ દવા જાતે જ લઇ લે છે. આ દવાથી ચોક્કસપણે રાહત મળે છે પરંતુ આ દવા કોઇ ઇલાજ નથી. આ દવા ખુબ ખતરનાક સાબિત થઇ શકે છે. કોઇ તકલીફ અંગે જાણ નહી હોવા છતાં જે તે તકલીફ અથવા તો પીડામાં દવા જાતે જ લઇ લેવામા આવે છે. તબીબો પાસે જવાનો સમય પણ કાઢી શકતા નથી. જેથી તાવ, સરદી ગરમી, ગળામાં દુખાવાની જાતે જ દવા લોકો લઇ લે છે. પરંતુ આવી દવા જાતે લઇ લેનાર લોકો દવાની અસર કેટલી હદ સુદી થઇ શકે છે તે જાણતા નથી. જાણીતા તબીબોનું કહેવુ છે કે એન્ટીબાયોટિક્સ એન્ટીમાઇક્રોબાઇલ એજન્ટ તરીકે પણ જાણીતી છે. આ પ્રકારની દવાનું કામ શરીરમાં કોઇ પણ પ્રકારના ઇન્ફેક્શનને દુર કરવા માટેનુ હોય છે. અલબત્ત એન્ટીબાયોટિક્સ બેક્ટિરિયા, પેરાસાઇટ જેવા માઇક્રો ઓર્ગેનિઝમને ટાર્ગેટ બનાવે છે. પરંતુ વાઇરસ સામે તે દવાઓ અસરકારક હોતી નથી. નિષ્ણાંત લોકોનું કહેવુ છે કે નિષ્ણાંત તબીબો દ્વારા લખવામાં આવેલી દવા જ લેવામાં આવે તે જરૂરી છે. ચોક્કસ ઓન્ટીબાયોટિક્સ જે ઉપલબ્ધ છે તે ચોક્કસ ઓર્ગનમાં ચોક્કસ બેક્ટિરિયા પર પ્રહાર કરે છે. તબીબો મોટા ભાગે ચકાસણી કર્યા બાદ દવા નક્કી કરે છે જેથી આ દવા યોગ્ય પ્રમાણમાં હોય છે.તાજેતરમાં કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આડેધડ દવા લેવાથી ખતરો ઉભો થઇ શકે છે. શરીરને નુકસાન પણ થઇ શકે છે.

તમામ યોજનાના લાભ ન મળવાના કારણે ખેડુત આંદોલન જારી...

કૃષિ બજેટમાં વધારો છતાં પણ સંકટ

અડધાથી વધારે બજેટ કૃષિ ક્ષેત્રને ફાળવી દેવામાં આવે તેવો નિષ્ણાંતોનો સ્પષ્ટ અભિપ્રાય : દશકોથી ખેડુતોના મુળ કારણની ઉપેક્ષા કરાઇ છે



ખેડુતોની સ્થિતીને સુધારવા માટે કેન્દ્રમાં અને રાજ્યોમાં રહેલી સરકારોએ હમેંશા અનેક કામો કર્યા હોવાના દાવા સતત કર્યા છે પરંતુ આજે પણ સ્થિતી એ છે કે ખેડુતોને મુશ્કેલી નડી રહી છે. ખેડુતોને આંદોલન કરવાની ફરજ પડી રહી છે. સ્વતંત્ર ભારતના દશકો બાદ પણ ખેડુતોને જુદા જુદા કારણોસર આત્મહત્યા કરવાની ફરજ પડી રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સ્તર પર જુદા જુદા પગલા લેવામાં આવી રહ્યા છે છતાં ખેડુતો હતાશ દેખાઇ રહ્યા છે. પ્રતિકુળ હવામાન અને કૃષિ પેદાશોની કિંમતો ઘટી રહી છે જે પણ ખેડુતને પરેશાન કરવા માટેના કારણ તરીકે છે. તેમને રાહત આપવાના ઇરાદા સાથે કેન્દ્ર સરકારે કૃષિ બજેટમાં ૧૪૪ ટકાનો વધારો કર્યો છે. જે યુપીએ સરકારના ગાળા કરતા બે ગણો છે. એનડીએ સરકારે વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટ ૧૪૦૭૬૪ કરોડમાંથી ૫.૨ ટકા અથવા તો ૫૭૬૦૦ કરોડ કૃષિ માટે ફાળવ્યા છે. યુપીએ સરકારના છેલ્લા બજેટમાં આ રકમ ૨.૪ ટકા હતી. ઇન્ડિયા સ્પેન્ડના કહેવા મુજબ ત્યારબાદ પણ દેશના જુદા જુદા ભાગોમાં ચાલી રહેલા ખેડુત આંદોલન ઇશારો કરે છે કે તેમાં કેટલીક ખામીઓ રહેલી છે. નિતી આયોગના એજન્ડામાં ખેડુતોની આવકને વર્ષ ૨૦૨૨ સુધી ડબલ કરવાની વાત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૫-૧૬માં કેટલાક રાજ્યોમાં દુકાળની સ્થિતી રહી હતી. આ ગાળા દરમિયાન ખેડુતોની આવક લઘુત્તમ સ્તર પર હતી. તેની સરખામણીમાં બે ગણી આવક કરવાની બાબત તર્કસંગત દેખાતી નથી. નિષ્ણાંતો માને છે કે કૃષિ સંકટનુ મુળ કારણ ખેડુતોની સતત ઉપેક્ષા રહી છે. બે દશકોમાં લાગુ કરવામાં આવેલી નબળી નીતિઓના કારણે આ હાલત રહી છે. સિચાઇ નેટવર્કને મજબુત કરવા ધ્યાન આપવામાં આવ્યુ હોત તો વર્ષ ૨૦૧૫-૧૬માં પડેલા દુકાળની અસર પણ ઓછી રહી હોત.કૃષિ નિષ્ણાતો હવે નક્કર પણે માને છે કે પૂર્ણ બજેટના અડધા હિસ્સાને કૃષિ માટે રાખવામાં આવે તો કેટલીક સ્થિતી હળવી બની શકે છે. અડધો હિસ્સો કૃષિને મળે તો કેટલાક લાભ થઇ શકે છે. વર્ષ ૨૦૧૯-૨૦ના બજેટમાં કૃષિ લોન ૧૨ લાખ કરોડ સુધી કરવાની જરૂર છે. સાથે સાથે લઘુત્તમ સમર્થન મુલ્ય અને ખરીદી વધારી દેવા પર ધ્યાન આપવામાં આવે તે પણ જરૂરી છે. હાલમાં વચગાળાના બજેટ ૨૦૧૯-૨૦માં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના શરૂ કરવામાં આવી હતી. જે હેઠળ ૬૦૦૦ રૂપિયા ત્રણ ઇન્સ્ટોલમેન્ટમાં ૧૨ કરોડ ખેડૂતોને આપવામાં આવનાર છે. બે હેક્ટર સુધીની જમીન ધરાવતા ખેડૂતોને આ લાભ આપવામાં આવનાર છે. આ પ્રકારની યોજના અને અન્ય યોજના વિતેલા વર્ષોમાં ખેડુતો માટે જાહેર કરવામાં આવી ચુકી છે. મોદી ૨૪મી ફેબ્રુઆરીના દિવસે ગોરખપુરમાં ખેડૂતોની રેલીમાં આ સ્કીમ શરૂ કરશે. મોદી એક કરોડ લાભાર્થીઓ માટે બટન દબાવીને આની શરૂઆત કરાવશે. પીએમ કિસાન પોર્ટલ ઉપર તમામ ડેટા અપડેટ કરી દેવામાં આવ્યા છે. હાલમાં ૫૦ ટકા ખેડૂતો એક વર્ષમાં બેથી ત્રણ પાક લેતા હોય છે જ્યારે બાકીના ખેડૂતો એક પાક લેતા હોય છે. પીએમ કિસાન સ્કીમને લઇને ખેડૂતોમાં પણ ઉત્સુકતા પ્રવર્તી રહી છે. તમામ આંકડા પર નજર કરવામાં આવે તો કુલ બજેટ પૈક ૫.૨ ટકા રકમ મોદીના નેતૃત્વમાં સરકારે આપી છે. જ્યારે તે પહેલા ૨.૪ ટકા રકમ કોંગ્રેસના નેતૃત્વમાં સરકારોએ આપી હતી. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ખેતી વિતેલા દશકોમાં સરકારોની પ્રાથમિકતામાં રહી નથી. આવક સંબંધી યોજનાને ખેડુતોના હિતમાં એટલી અસરકારક ગણી શકાય તેમ નથી. ખેડુતોની નારાજગી સતત જોવા મળતી રહી છે. કારણ કે તેમની જરૂરિયાતો પૂર્ણ થઇ રહી નથી. તેમની નારાજગી આંદોલન સ્વરૂપમાં જોવા મળી રહી છે. હાલમાં મોટા પાયે લોન માફીની જાહેરાતો સરકાર દ્વારા કરવામાં આવી રહી હોવા છતાં ખેડુતોની સ્થિતમાં કોઇ નોંધપાત્ર સુધારો થઇ રહ્યો નથી.આવી સ્થિતીમાં દરેક રાજ્ય પણ અસરકારક નિતી અપનાવે તે જરૂરી છે.

દેશની રાજનીતિમાં મહારાષ્ટ્રની ચાવીરૂપ ભૂમિકા રહેલી છે...

મહારાષ્ટ્ર મહામુકાબલા માટે તૈયાર

છેલ્લા પાંચ વર્ષના ગાળામાં મહારાષ્ટ્રમાં સ્થિતી ઘણી બદલાઇ ગઇ છે : કોઇ પાર્ટી પાછળ રહેવા ઇચ્છુક નથી : ભાજપ સામે નવા પડકારો છે



દેશની રાજનીતિમાં મહારાષ્ટ્ર ખુબ મહત્વપૂર્ણ રહે છે. લોકસભાની ચૂંટણી માટેની તૈયારીમાં લાગેલા તમામ રાજકીય પક્ષો આ રાજ્ય પર પર પણ ખાસ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. ખાસ કરીને ભાજપ અને શિવસેના તેમજ એનસીપીની સ્થિતીસારી અને મજબુત છે. આ પાર્ટીઓ અહીં વધારે સારો દેખાવ કરવાની અપેક્ષા રાખે છે. આ પાર્ટીઓ પૈકી કઇ પાર્ટીની ચાલ શુ હશે તે બાબત અંગે હજુસુધી પુરતી માહિતી મળી શકી નથી. દરેક પાર્ટી જે હાલમાં તૈયારીમાં છે તે પૈકી ભારતીય જનતા પાર્ટીની સ્થિતી વધારે સારી દેખાઇ રહી છે. દિલ્હી શાસન અને મરાઠા મુકાબલોનો ઇતિહાસ રહ્યો છે. સ્થિતી હવે બદલાઇ છે. સમય બદલાઇ ગયો છે છતાં રાજકીય પ્રભુત્વ હજુ પણ મરાઠા કેટલાક અંશે ધરાવે છે. લોકસભા ચૂંટણી નજીક આવી પહોંચી છે. શિવ સેના અને ભાજપ વચ્ચે વાતચીતનો સિલસિલો જારી છે. છેલ્લા સાડા ચાર વર્ષના ગાળામાં અનેક બાબતો બદલાઇ ગઇ છે. ચૂટણી રણશિંગુ હવે ફુકાનાર છે પરંતુ ભાજપ અને શિવ સેના વચ્ચે કોઇ ગોઠવણ થઇ શકી નથી. છેલ્લી ચૂંટણીમાં ખરાબ રીતે હારનો સામનો કર્યાબાદ કોંગ્રેસ અને એનસીપી વચ્ચે પણ બેઠકોને લઇને કોઇ વાત બની રહી નથી. ઉત્તરપ્રદેશ બાદ બેઠકોને લઇને સૌથી મોટા મહારાષ્ટ્રમાં તમામ રાજકીય પક્ષો એડી ચોટીનુ જોર લગાવી રહ્યા છે. તૈયારીને લઇને કોઇ પાર્ટી કમી રાખવા માટે તૈયાર નથી. આ વખતે મહારાષ્ટ્રમાં મોદી લહેર દેખાઇ રહી નથી. સાથે સાથે કોઇ ચૂંટણી મુદ્દાની અસર પણ દેખાઇ રહી નથી. ચાર પ્રમુખ દળ ઉપરાંત સમાજવાદી પાર્ટી, બહુજન સમાજવાદી પાર્ટી, મહારાષ્ટ્ર નવ નિર્માણ સેના, રિપબ્લિકન પાર્ટી અને અન્ય પાર્ટીઓ તમામ તૈયારીમાં લાગેલી છે. નાના પક્ષો ગઠબંધનમાં પોતાની ભૂમિકાને શોધી રહ્યા છે. લોકસભા ચૂંટણી પૂર્ણ થયા બાદ પાંચ મહિના પછી જ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાનાર છે. જેથી રાજનીતિની ચોપડ પર ચાલ સાવધાનીપૂર્વક ચાલવામાં આવી રહી છે. ઓક્ટોબર ૨૦૧૪માં થયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અને શિવ સેના વચ્ચે ગઠબંધનનો અંત આવ્યો હતો. બંને પક્ષો ચૂંટણી મેદાનમાં જુદી જુદી રીતે ઉતર્યા હતા. સંબંધોમાં એ વખતે જ તિરાડ પડવાની શરૂઆત થઇ ગઇ હતી. જે હજુ સુધી સતત વધી છે. ત્યારબાદ બંને સત્તાની મજબુરીના કારણે સાથે તો આવ્યા હતા પરંતુ તેમની વચ્ચે સંબંધો તંગ રહ્યા છે. આ સંબંધમાં શિવસેનાના નેતા સંજય રાઉતે કહ્યુ છે કે સ્વાભિમાનની શરત પર કોઇ સમજુતી કરવામાં આવનાર નથી. ભલે ચૂંટણી જીતીએ કે હારીએ પરંતુ સ્વાભિમાનની લડાઇ જારી રાખવામાં આવનાર છે. લોકસભા ચૂંટણીના પેટાચૂંટણીના પરિણામથી કેટલાક રાજકીય પંડિતો અલગ ગણતરી કરી રહ્યા છે. લોકસભા પેટાચૂંટણીના પરિણામને છોડી દેવામાં આવે તો સ્થાનિક ચૂંટણીમાં ભાજપે અન્ય તમામ પક્ષો કોંગ્રેસ, શિવસેના અને એનસીપીને ખુબ પાછળ છોડી દેવામાં સફળતા મેળવી છે. પંચાયચ ચૂંટણીમાં પણ ભાજપની સ્થિતી ખુબ સારી રહી હતી. જીતના આધારના કારણે ભારતીય જનતા પાર્ટી શિવ સેના કરતા આગળ દેખાઇ રહી છે. કોઇ સમય શિવ સેનાની સ્થિતી મહારાષ્ટ્રમાં ખુબ સારી હતી પરંતુ હવે ભારતીય જનતા પાર્ટીએ તેની સ્થિતી તેના કરતા વધારે મજબુત કરી છે. હાલમાં ભારતીય જનતા પાર્ટીનુ કેન્દ્રિય નેતૃત્વ કોઇ પણ કિંમતે શિવ સેનાની સાથે મળીને ચૂંટણી લડવા માટે ઇચ્છુક છે. જો કે પ્રદેશમાં એક ગ્રુપ એમ પણ માને છે કે શિવ સેનાની ચિંતા કર્યા વગર ભારતીય જનતા પાર્ટીએ એકલા હાથે ચૂંટણી લડવી જોઇએ. લોકસભા ચૂંટણીમાં હાલમાં તો ભાજપ-શિવ સેના, કોંગ્રેસ-એનમસીપી વચ્ચે ગઠબંધન પર નજર રહેનાર છે.

રાજ ઠાકરેની સ્થિતી પણ રાજકીય રીતે નબળી

શિવસેના, કોંગ્રેસમાં ખેંચતાણ



લોકસભા ચૂંટણી માટે હવે ટુંક સમયમાં જાહેરાત કરવામાં આવનાર છે ત્યારે દરેક પાર્ટી પોતાની ચાલ રમી રહી છે. પાર્ટીઓની તૈયારીની વાત કરવામાં આવે તો હાલમાં શિવ સેના અસમંજસના દોરમાંથી પસાર થઇ રહી છે. બાલ ઠાકરેના અવસાન બાદ ઉદ્ધવ ઠાકરે પાર્ટીનુ નેતૃત્વ કરી રહ્યા છે. જો કે તેમનુ કદ બાલ ઠાકરે જેટલુ ઉંચુ નથી. જેથી ભાજપની સાથે સીટોના મામલે હજુ સુધી તાલમેલ બેસાડી શક્યા નથી. ભાજપે તેમની આ કમજોરીનો લાભ લઇ લીધો છે. ઉદ્ધવની સાથે તેમના પુત્ર આદિત્ય ઠાકરે પણ સંગઠનમાં મજબુતી લાવવા માટે તમામ પ્રયાસ કરી રહ્યા છે. બીજી બાજુ ફાયર બ્રાન્ડ નેતા તરીકે ઓળખાતા રાજ ઠાકરે મહારાષ્ટ્રની રાજનીતિમાં કોઇ કરિશ્મો કરી શક્યા નથી. શિવ સેનાથી અલગ થયા બાદ તેમની નિષ્ફળતા સતત સપાટી પર આવી છે. શિવ સેના સાથે છેડો ફાડી લીધા બાદ રાજે મહારાષ્ટ્ર નવ નિર્માણ સેનાની રચના કરી હતી. જેથી તેમની સ્થિતી સતત નબળી પડી રહી છે. રાજની તરફેણમાં સ્થાનિક ચૂંટણીમાં પણ પરિણામ આવી રહ્યા નથી. ૨૦૦૯માં વિધાનસભા ચૂંટણીમાં ૧૩ સીટો જીતી જનાર મહારાષ્ટ્ર નવ નિર્માણ સેનાની હાલત હવે ખરાબ છે. છેલ્લી ચૂંટણીમાં તેને એક સીટ મળી હતી. કોંગ્રેસ પાર્ટીની હાલત પણ કોઇ સારી દેખાતી નથી. લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર થયા બાદ કોંગ્રેસ પાર્ટીમાં આંતરિક ખેંચતાણ જારી છે. દેવડાથી પહેલા સાંસદ રહેલા પ્રિયા દત્ત પણ ચૂંટણીને લઇને અનિચ્છા દર્શાવી છે. રાજ્યમાં કોંગ્રેસ પાર્ટીની પાસે તમામને સાથે લઇને ચાલી શકે તેવા કોઇ દિગ્ગજ નેતા નથી. લોકસભા ચૂંટણીમાં એનસીપીની સાથે ગઠબંધન થશે કે કેમ તેને લઇને પણ હજુ ચિત્ર સ્પષ્ટ નથી. કોંગ્રેસ પાર્ટીને તો રાજ્યમાં સ્થિતીને સુધારવા માટે હજુ ખુબ સમય લાગી શકે છે. આવી સ્થિતીમાં કોંગ્રેસ પાસે વધારે વિકલ્પ નથી. એનસીપીની હાલત પણ કેટલાક વિસ્તારોમાં પહેલા જેવી દેખાતી નથી. આવી સ્થિતીમાં શિવ સેના અને ભારતીય જનતા પાર્ટીને ગઠબંધન કરીને ચૂંટણી લડવાની સલાહ તમામ રાજકીય નિષ્ણાંતો આપે છે. આના કારણે તેમને મોટા ભાગની સીટ જીતવા માટેની તક મળી શકે છે.

આતંકવાદ સામે લડવા માટે હવે ભારતે વધુ આક્રમક બનવું પડશે


લાંબા સમયની શાંતિ પછી જમ્મુ અને કાશ્મીરમાં ફરી વાર આતંકવાદી હુમલો થયો. જમ્મુ અને કાશ્મીર માટે આતંકવાદી હુમલા એ નવી વાત નથી પણ ગુરુવારે થયેલો આતંકવાદી હુમલો એ રીતે મહત્ત્વનો છે કે, આ હુમલો આપણા લશ્કરી જવાનો પર થયો છે ને હુમલો એટલો ભયંકર છે કે આપણા ૧૮ જવાનો શહીદ થઈ ગયા. આ આંકડો તો પ્રારંભિક છે ને જેમ જેમ સમાચાર આવતા ગયા તેમ તેમ આંકડો વધતો જાય છે એ જોતાં શહીદોનો આંકડો વધી પણ શકે. એ જ હાલ ઈજાગ્રસ્તોમાં છે. શરૂઆતના અહેવાલોમાં ૪૦ જવાનો ઘાયલ થયા હોવાની વાત છે પણ એ આંકડો પણ વધી શકે કેમ કે જે કાફલા પર હુમલો થયો તેમાં ૧૦૦૦ જેટલા જવાન હતા.

આ હુમલામાં આપણે સાવ ઊંઘતા જ ઝડપાયા એમ કહીએ તો ચાલે. આપણી સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના જવાનોનો કાફલો જમ્મુથી શ્રીનગર જઈ રહ્યો હતો ને આતંકવાદીઓ તેમને ઉડાવી દેવા માટે ટાંપીને જ બેઠા હતા. પુલવામા પાસે અવંતીપુરા નામે ગામ છે ને આ ગામ પાસે આતંકવાદીઓએ વિસ્ફોટકો ભરેલી એક કાર મૂકી રાખેલી. આપણા જવાનોએ દૂરથી આ કારને જોઈ તો હશે જ પણ તેમાં તેમને કશું શંકાસ્પદ ના લાગ્યું એટલે આખો કાફલો આગળ વધ્યો. આ કાફલામાં વીસેક વાહનો હતાં ને ૧૦૦૦ જેટલા જવાનો હતા.

આપણા જવાનોનાં વાહનો કાર પાસે આવ્યાં કે તરત જ કારમાં છુપાઈને બેઠેલા આતંકવાદીએ કારને જવાનોની બસમાં ઘૂસાડી દીધી ને બ્લાસ્ટ કરીને તેના ફૂરચેફૂરચા કરી નાંખ્યા. આખી કારમાં વિસ્ફોટકો ઠાંસી ઠાંસીને ભરેલા હતા એટલે ભયંકર ધડાકો થયો ને આપણા કેટલાય જવાનોના શરીરોના પણ ફૂરચેફૂરચા ઊડી ગયા. બાકી હતું તે છુપાઈને બેઠેલા આતંકવાદીઓએ બેફામ ગોળીબાર શરૂ કરી દીધો ને ગ્રેનેડ ઝીંકવા માંડ્યા. આપણા જવાનો પહેલાં તો વિસ્ફોટકોના હુમલા માટે જ તૈયાર નહોતા. તેમાં વળી ગોળીબાર ને ગ્રેનેડ ઝીંકાયા તેના કારણે રીતસરની અંધાધૂંધી થઈ ગઈ. લશ્કરી જવાનો આ પ્રકારની સ્થિતિમાં કઈ રીતે વર્તવું તેની તાલીમ પામેલા હોય છે એટલે તરત મોરચો સંભાળી લીધો ખરો પણ ત્યાં લગીમાં બહુ મોટું નુકસાન થઈ ગયું હતું. જે બસ સાથે કાર અથડાઈ તેમાં ૫૫ જવાન હતા ને તેમાંથી કોઈ બચ્યું હોય તેવી શક્યતા નથી.

આ હુમલાની જવાબદારી પાકિસ્તાનમાં રહીને આપણી મેથી મારતા જૈશ-એ-મોહમ્મદ નામના આતંકવાદી સંગઠને લીધી છે. જૈશ-એ-મોહમ્મદે તો આ હુમલો કરનારા આતંકવાદીનું નામ અને તેની તસવીર પણ બહાર પાડી છે. આ આતંકવાદીનું નામ આદિલ અહમદ ઉર્ફે વકાર છે તેવો દાવો પણ આ સંગઠને કર્યો છે. આ દાવો સાચો છે કે નહીં એ આપણને ખબર નથી કેમ કે હુમલો કરનારો તો ઢબી ગયો છે. જૈશનો દાવો સાચો છે કે એ પછી તેણે ચાલુ ગાડીમાં ચડી બેસીને જશ ખાટવા ગમે તેનું નામ ફેંકી દીધું છે એ ખબર પડવાની નથી. આપણને તેમાં રસ પણ નથી કેમ કે આપણા માટે કોણે આ કારસ્તાન કર્યું એ મહત્ત્વનું છે જ નહીં. આપણા આટલા બધા જવાનો સાગમટે શહીદ થયા એ જ મહત્ત્વનું છે.

આ આતંકવાદી હુમલાના કારણે આ દેશના ઈતિહાસમાં વધુ એક કલંકિત પ્રકરણ ઉમેરાયું છે ને વાસ્તવમાં તો આપણું નાક જ વઢાઈ ગયું છે. જમ્મુ



શહીદ થયેલ સીઆરપીએફના જવાનોને રેત શિલ્પકારે આવી રીતે આપી શ્રદ્ધાંજલિ.

અને કાશ્મીર માટે આતંકવાદી હુમલા નવી વાત છે જ નહીં. આપણે કાશ્મીરથી હજારો કિલોમીટર દૂર બેઠા છીએ એટલે આપણને રોજેરોજ ખબર ના પડે. બાકી ત્યાં તો રોજ એકાદ-બે હુમલા થતા જ હોય છે ને તેમાં એકાદ- બે જણ તો પતી જ જાય છે. જો કે આતંકવાદીઓ સામાન્ય લોકો પર હુમલા કરે ને તેમને મારી નાંખે એ અલગ વાત છે ને જવાનોને મારી નાંખે એ અલગ વાત છે. સામાન્ય લોકો નિઃસહાય ને નિઃશસ્ત્ર હોય છે. અત્યાધુનિક મશીનગનો ને બીજાં હથિયારો સાથે આવતા આતંકવાદીઓનો સામનો કરવાનું તેમનું ગજું ના જ હોય. અચાનક થતા હુમલા સામે એ સજ્જ પણ ના હોય એ જોતાં એ લોકો તો પોતાના જીવ બચાવી લે તો પણ ઘણું કહેવાય એવી હાલત હોય છે.

લશ્કરી જવાનોના કિસ્સામાં સાવ અલગ સ્થિતિ છે. એ લોકો ગમે તે સ્થિતિને ને ગમે તેવા હુમલાને પહોંચી વળવા માટે સજ્જ હોય છે. તેમનું તો કામ જ એ છે ને લશ્કરનો અર્થ જ લડવું એવો છે. આતંકવાદીઓ પાસે હોય તેના કરતાં વધારે શક્તિશાળી હથિયારો તેમની પાસે હોય છે ને વાહનોનાં સુરક્ષા કવચ હોય છે. તેમની પાસે ગુપ્તચર તંત્રનું પીઠબળ પણ હોય છે. આટલું બધું હોય ત્યારે ખરેખર તો એક પણ જવાન આતંકવાદી હુમલામાં ના મરવો જોઈએ. એ છતાં આ હુમલો થયો ને આટલા બધા જવાનો શહીદ થયા એ ખરેખર આપણી કરુણતા કહેવાય. આપણને સુરક્ષિત રાખવાની જવાબદારી જેમના માથે છે એ લોકો પણ સુરક્ષિત નથી એ જોઈને ખરેખર આઘાત પણ લાગે.

વધારે આઘાત એ જોઈને લાગે કે, આતંકવાદીઓએ આ હુમલો અચાનક નથી કર્યો. આ પહેલાં પંજાબના ગુરદાસપુર કે કાશ્મીરના ઉરીમાં લશ્કરી જવાનો પર આતંકવાદી હુમલા થયેલા જ. એ હુમલા પણ શરમજનક હતા કેમ કે આતંકવાદીઓ લશ્કરી જવાનોના સુરક્ષા કવચને ભેદીને અંદર ઘૂસી ગયેલા. જો કે એ બધા લશ્કરી થાણા પર થયેલા જ્યારે અહીં તો સીઆરપીએફના જવાનોના કાફલા પર હુમલો થયો છે. આતંકવાદીઓને સીઆરપીએફનો કાફલો પસાર થવાનો છે તેની પાકી બાતમી હતી ને આ કાફલાને ઉડાવી દેવા માટે વિસ્ફોટકો ભરેલી કાર તૈયાર રાખીને એ બેઠા હતા. લશ્કર પાસે પોતાનું ગુપ્તચર તંત્ર હોય છે, કાશ્મીરમાં તો ઠેર ઠેર લશ્કરી છાવણીઓ પણ છે ને એ છતાં આતંકવાદીઓ આટલો મોટો હુમલો કરવાના છે તેની ગંધ સુધ્ધાં ના આવી એ વધારે આઘાતજનક કહેવાય.

સીઆરપીએફના જવાનો પર થયેલો આ હુમલો આપણા લશ્કર પર થયેલો અત્યાર લગીનો સૌથી મોટો હુમલો છે. આ પહેલાં કાશ્મીરમાં પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)ને સાવ અડીને આવેલા બારામુલ્લા જિલ્લાના ઉરીમાં લશ્કરી કેમ્પ પર આતંકવાદીઓ ત્રાટક્યા ને આપણા ૨૦ જવાનોનાં ઢીમ ઢાળી દીધાં એ સૌથી મોટો હુમલો હતો. સપ્ટેમ્બર ૨૦૧૬માં થયેલા આ હુમલામાં ચાર આતંકવાદીઓ આર્મી કેમ્પની આસપાસ બનાવેલી કાંટાળી વાડ કાપીને વહેલી સવારે સાડા પાંચ વાગે અંધારાનો લાભ લઈને કેમ્પની અંદર ઘૂસી ગયેલા. આતંકવાદીઓએ આપણા જવાનોને લિટરલી ઊંઘતા ઝડપી લીધા હતા. આતંકવાદીઓએ બેફામ ગોળીબાર શરૂ કર્યો ને પછી ઉપરાછાપરી ગ્રેનેડ ઝીંકીને તબાહી મચાવી દીધી હતી. આપણા જવાનોએ તરત જ હથિયારો ઉપાડીને વળતો જવાબ આપ્યો પણ ત્યાં લગીમાં આતંકવાદીઓ છેક અંદર લગી ઘૂસી ગયેલા ને તેના કારણે મૃત્યુ આંક વધારે થઈ ગયેલો.

આ હુમલાના જવાબમાં નરેન્દ્ર મોદી સરકારે પાકિસ્તાનમાં જઈને સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી. આ સર્જિકલ સ્ટ્રાઈક પરથી બનેલી ફિલ્મ 'ઉરી' હજુ એકાદ મહિના પહેલા જ રિલીઝ થયેલી. આપણા જવાનોની બહાદુરીને દર્શાવતી 'ઉરી' ફિલ્મનો કેફ હજુ ઉતર્યો નથી ત્યાં આતંકવાદીઓએ ઉરી કરતાં પણ મોટો હુમલો કરીને આપણી આબરૂના ધજાગરા કરી નાંખ્યા. આપણે 'ઉરી' ફિલ્મ જોઈને તેના વખાણ કરવામાંથી ઊંચા નહોતા આવતા ને આપણા શાસકો 'ઉરી' ફિલ્મ બતાવીને પોરસાતા હતા ત્યારે આતંકવાદીઓ તેના કરતાં પણ મોટો હુમલો કરવાની તૈયારીમાં લાગેલા હતા. આપણે 'ઉરી'ના કેફમાં એટલા ખોવાયેલા હતા કે કશી ખબર જ ના પડી ને ૧૮ જવાનો શહીદ થઈ ગયા.

આ હુમલાએ મોદી સરકારની નબળાઈને ફરી છતી કરી દીધી. ભાજપે સત્તાની લાલચમાં મહેબૂબા સાથે નાતરું કર્યું ને પછી તેના કારણે નુકસાન થશે એવું લાગ્યું એટલે મહેબૂબાને બાજુએ મૂકીને છેવટે રાષ્ટ્રપતિશાસન લદાવી દીધું. એ વખતે ભાજપના નેતાઓ ડંફાશ મારતા હતા કે હવે કાશ્મીરમાં આતંકવાદનો સફાયો થઈ જશે. એવું કશું થયું નહીં ને ઊલટાનું લશ્કરી જવાનો પર હુમલો થઈ ગયો.

આ હુમલા પછી મોદી શું કરશે એ ખબર નથી પણ એક વાત નક્કી છે કે, આતંકવાદ સામે લડવું હોય તો આપણે આક્રમક બનવું પડે ને પાકિસ્તાનને છાસવારે ઠમકોરવું પડે. એક સર્જિકલ સ્ટ્રાઈક કરીને રાજી થઈએ ને ઉરી મૂવી જોઈને જાતે જ પોરસાયા કરીએ તેનાથી નહીં ચાલે.

જમ્મુ-કાશ્મીરને સેનાને સંપૂર્ણ સત્તા અને આઝાદીની સાથે સોંપી દો એ જ એનો જડબાતોડ જવાબ છે....!

આતંકવાદગ્રસ્ત કાશ્મીરમાં એક મોટા હુમલામાં આતંકવાદીઓએ ભારતના સી.આર.પી.એફના લગભગ ૪૪ જવાનોને નિશાન બનાવીને ભારત સરકારને અને ભારતને સીધેસીધો પડકાર ફેંક્યો છે પુલવાના અવંતીપોરમા થયેલા હુમલાને લઈને સમગ્ર દેશમાં મોદી સરકારની વિરુદ્ધ ગુસ્સો ફેલાઈ ગયો છે બસ હવે બહુ થઈ ગયું.... હવે તો આરપારની લડાઈ થઈ જાય અને પાકિસ્તાન ઉપર હુમલો કરી દેવો જોઈએ ૪૪ જવાનોની શહીદીનો બદલો લેવો જોઈએ આ પ્રકારની માગણી યોગ્ય છે કેમકે આ સૌથી મોટો હુમલો છે જેમાં એક સાથે ૪૪ જવાન શહીદ થઈ ગયા.હુમલા ના પ્રકાર ને લઈને હવે બધી તપાસ એજન્સીઓ આની તપાસ કરશે સરકારને રિપોર્ટ આપશે અને ભવિષ્યમાં આવો ના થાય તે અંગે સુજાવ પણ આપશે.

બદલા.... બદલા... અને બદલા... ની ભાવનાઓમાં તણાઈ જવાને બદલે કેન્દ્ર સરકાર સમગ્ર જમ્મુ કાશ્મીર સેનાને જેને આર્મી કહેવાય છે તે સુરક્ષા દળોને સોંપી દેવો એ જ એક માત્ર ઉપાય છે અને તે પણ મિલેટરી ને પૂરી સત્તા સંપૂર્ણ આઝાદીની સાથે ઓપરેશન ઓલ આઉટ ની સાથે ઘાટી સોંપી દેવી જોઈએ.

અગાઉ જ્યારે આવી ઘટના બનતી હતી ત્યારે ખેંચીને કહેવાતું હતું કે ગરબડ સીમા ઉપર નહીં ગરબડ દિલ્હીમાં છે હવે તેને દોહરાવવામાં આવે તો કેટલા કોના મોઢા બગડી જશે પરંતુ જે સત્ય છે કે આ જ છે કે સીમા ઉપર ફરજ બજાવતા જવાનો નીતિ કે નિર્ણય નથી કરતા કાશ્મીર આતંકવાદ છે એ વાત કાંઈ છુપાયેલી નથી દરરોજ આતંકીઓના હુમલા થતા રહે છે આતંકીઓના માર્યા જવાની સાથે જવાનો પણ સહિત થઈ રહ્યા છે આવા વિસ્તારમાં એકસાથે આટલા બધા જવાનોનો કાફલો લઈને પસાર થવાનો નિર્ણય કેમ લેવામાં આવ્યો તેનો જવાબ મળવાની આશા ઓછી છે એક સાથે અઢી હજાર જવાનોને લઈ જવા અને તે પણ આતંકવાદગ્રસ્ત વિસ્તારમાંથી એ સમજથી બહાર છે તપાસ અહેવાલ માં આનો ખુલાસો થઈ શકે છે પરંતુ આને એક એંગલથી નહિ પરંતુ બધા એંગલ તપાસ થવી જોઈએ આપેલા કાશ્મીરને મિલીટ્રીના હવાલે સોંપવામાં આવ્યું હતું ત્યારે આતંકીઓને જડબાતોડ જવાબ આપ્યો હતો કેટલીક હદ સુધી કાશ્મીરમાં આતંકવાદ કંટ્રોલમાં હતો પરંતુ મેડ્રિડે હટાવીને હટાવીને અન્ય સુરક્ષા દળો સી આર પી એફ ને જવાબદારી આપ્યા બાદ આતંકવાદ આઉટ ઓફ કન્ટ્રોલ થતો ગયો અને તેનું પરિણામ એ આવ્યું કે ૪૪ જવાનોના લોહી થી ભારતની ધરતી લાલ થઈ ગઈ માં ભારતીના ૪૪ શુરવીર થઈ ગયા તેનો બદલો એ છે કે કાશ્મીર આઝાદીની સાથે તેમના હાથોમાં સોંપવાથી આતંકવાદ અને આકરો અને જડબાતોડ જવાબ મળશે આઝાદી અને સત્તા આપવામાં આવે કે તેમના કોઈ પગલાને અટકાવવામાં ન આવે જ્યાં સુધી આવું નહીં થાય ત્યાં સુધી આવી જ રીતે હુમલા થતા રહેશે અને માં ભારતી ના લાડકવાયા શૂરવીરોના લાલો થી ભારતની ધરતી લાલ થતી રહેશે જો રાજકીય દ્રષ્ટિથી નિર્ણય લેવામાં આવતા રહેશે તો આતંકવાદને રોકવો અને ખતમ- નાબૂદ કરવો કોઈપણ સરકાર માટે મુશ્કેલી થઈ શકે છે આકરા શબ્દો નહીં પણ મોટો નિર્ણય લેવો જરૂરી છે એક જુવાન ના માતા ના બદલામાં પાકિસ્તાનના દસ માથા કાપવા ની વાતો કહેવા વાળા હવે વાતો ઓછી કરે અને કામ વધુ ની નીતિ અપનાવીને જલ્દીથી જલ્દી કાશ્મીર ઘાટી ભારતને સોંપી દે જેથી કોઈ એ ન કહે કે ગરબા ઉપર નહીં પરંતુ ગરબડ દિલ્હીમાં છે.....! શહીદ થયેલ જુવાનોને આંસુઓ સાથે શ્રદ્ધા સુમન ભારત તમારો હંમેશા ઋણી રહેશે જરા યાદ ઉન્હેં ભી કર લો..... જો લોટ કે ઘર ના આયે....! ભારતના આ વીર સપૂતોને સો સો સલામ....!


રણની કીડીઓ પાસેથી પ્રેરણા લઈને આજુબાજુનાં પર્યાવરણને સમજવાની પોતાની રીત શોધે છે. રોબોટ નામના વૈજ્ઞાનિકોએ આ આધારે એન્ટબોટ નામ આપ્યું હતું.


NO BLINDFOLD BREXIT
NO BLINDFOLD BREXIT
NO BLINDFOLD BREXIT


સૂફી સંદેશ....

મનથી મનની જાળવણીની કળા શીખવાડતું ડો. મતાઉદ્દીન ચિશ્તી - પીરઝાદા રચિત સૂફી સંદેશ પુસ્તક...

નાનપણથી સાંભળતા આવ્યા છીએ કે મનુષ્ય અવતાર ધારણ કરનાર માનવીને નિરંજન નિરાકારે કોઈ ને કોઈ વિશેષતાની ભેટ આપી છે, અને જો આ ભેટનો ભેદ સમજી તેનો સદઉપયોગ કરે તો કુદરત તેને સાત જમીન અને સાત આસમાનની બુલંદીઓ પર ગોઠવણ કરી આપે છે,

મારુ સદભાગ્ય કે મારા જીવનકાળ દરમ્યાન આ પ્રથમ સૂફી સંદેશ પુસ્તક હશે કે જે મેં સ્વસ્થ મનની સાથે સંપૂર્ણ વાંચી પૂર્ણ કેર્યું અને કુદરતે આપેલ જીવનને ધન્યતા આપી. હાલની અને આવનારી નવી પેઢી માટે મારા અનુભવ મુજબ ઉત્તમ ભેટ ઘણી શકાય.

મોટામિયા માંગરોલની ઐતિહાસિક ગાદીના વર્તમાન ગાદીપતિ પીર સૈયદ ખ્વાજા સલીમુદ્દીન ચિશ્તી સાહેબ ના સુપુત્ર તથા અનૂગામી ડો.સૈયદ મતાઉદ્દીન ચિશ્તી - પીરઝાદા સાહેબે સોળ વર્ષની નાની અને કુમળી વયે લેખનની ગોડ ગિફ્ટ (કુદરતી બક્ષિસ) મળી અને સાથે સાથે પૂર્વજોનો આધ્યાત્મિક વારસાનો સમન્વય મળ્યો જેના સહારે પોતાની હસ્તકલાએ દિલની કલમથી લખવાનું શરૂ કર્યું અને જેનું નામ સૂફી સંદેશ પુસ્તક નામ આપ્યું.



વર્તમાન અને ભવિષ્યમાં આવનાર સદીઓ અને પેઢીઓ, આ સૂફી સંદેશ પુસ્તકમાં અત્યંત નાની વયે અભિવ્યક્ત થયેલો ભાવ, પાને પાને નિખાલસતા, સરળતા, સકારાત્મક અને રચનાત્મક વિચારોને વેગ અને પ્રેરણા આપી, આતંકવાદ, જાતિવાદ અને કોમવાદ જેવા દુષણને ડામી જીવન ઉપયોગી બોધ ને ગ્રહણ કરવા તથા જીવનમાં આવતા નકારાત્મક વિચારોને દિલોદિમાગમાંથી હાંકી કાઢવા સૌ માટે માધ્યમ સમાન છે.

હાલની વિષમ પરિસ્થિતિ જોતા મનુષ્ય જીવનમાં જીવી,માનવ જીવનના સંદર્ભમાં એક આધ્યાત્મિક ઓક્સિજન અને હોકાયંત્રની જેમ દશા અને દિશાનું કામ કરશે.

આ પુસ્તકના લેખકે નિરંજન નિરાકારે બતાવેલ ફાની દુનિયાની સજીવ અને નિર્જીવ વસ્તુઓનો ખુબ જ બારીકાઈથી અભ્યાસ કરી પુસ્તકમાં ભલા માનવી બનવા માટેનું બીડું ઝડપવા પર જે ભાર મુક્યો છે તે હંમેશ માટે દિવ્ય પ્રકાશિત બની રહેશે.

પુસ્તકમાં દર્શાવેલ ગદ્ય વિભાગમાં અનેક સાદા અને સરળ દ્રષ્ટાંતો દ્વારા ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યનું મહત્વ સમજાવી, વાસ્તવિકતા અને સત્યતાનું આબેહૂબ વર્ણન કર્યું છે, સાથે સાથે બીજા વિભાગ પદ્યમાં કાવ્યાત્મક શૈલીમાં સ્નેહની સૈર કરાવી છે.

સૂફીસંદેશ પુસ્તકના વાંચન થકી એક અનુભવ એવો થયો કે મારી નાની ઉંમરથી લઈ મોટી ઉંમર સુધીમાં સહજ સમજ માટે અવકાશ જ ન આપી શકાયો.

પુસ્તકના વાંચન થકી લખાણમાં કોઈ વધારાની કે સૂફીયાની સલાહનો બોજ જોવા મળતો નથી, બલ્કે હાલના આધુનિક જીવાતા જીવન માંથી જાત અનુભવેલી સચ્ચાઈની સમજૂતી દેખાઈ આવે છે, આમ તો મેં મોટામિયા માંગરોલની ગાદીના પીરો સાથે રહી સારો એવો આધ્યાત્મિક સમય પસાર કર્યો છે અને સાથે સાથે કહું તો આ ગાદીના પાયાના શિરોમણી સંત પુરૂષોનું જીવનચરિત્ર અને જાત અનુભવ એવો રહ્યો છે કે એમના મુલાયમ અને મક્કમ વ્યક્તિત્વએ કોઈપણ જાતિ કે ધર્મના ભેદભાવ વિના ભાવથી પ્રેમ આપી હંમેશને માટે પોતાના વિચારોનું દરેક સમાજ માટે વાવેતર જ કર્યું છે.

આજના આ ઈન્ટરનેટ અને ટેકનોલોજીના યુગમાં જે અજાણ્યા સ્થળ કે સરનામાં પર જવા માટે જે જીપીએસ મેપ(નકશા)નો ઉપયોગ કરીએ છીએ તેમ સૂફી સંદેશ પુસ્તક બાળકોથી લઈ વૃધ્ધો માટે આધ્યાત્મિકતાનો આગવો નકશો અને માર્ગ બતાવવાનું કામ કરશે.

જો હું ખોટો સાબિત ન થાઉં તો ડો. મતાઉદ્દીન ચિશ્તી એ જે ડો.પદવી હાસિલ કરી છે તે માત્ર આજના નહીં પણ આવનારા સમયમાં અપાતા શિક્ષણથી અલાયદી રીત અપનાવી ધાર્યા મુજબ મનગમતા આંતરસૂઝથી નિત્ય નવીન શીખવા અને સમજવા માટે નિમિત્ત બની રહેશે.

આનંદની વાત એ કે ટુંક સમયમાં આ પુસ્તકની બીજી આવૃતિ પ્રકાશિત થશે જે આપણા સૌને પ્રેરણા પુરી પાડે એ જ આશા...

છેલ્લે મને ચર્ચિલ નું વાંચેલું વાક્ય યાદ આવે છે કે We make a living by what we get. We make a life by what we give,

રોડ ઓપનિંગ પાર્ટીએ સંપૂર્ણ રૂટનું ચેકિંગ કર્યું હતુઃ સીઆરપીએફ ઈન્સ્પેક્ટર જનરલ

સીઆરપીએફના ૨,૫૦૦ જવાનોના કાફલા વચ્ચે નાગરિકોને રસ્તો આપવો પડ્યો ભારે!

પુલવામા

સીઆરપીએફનો કાફલો જે રૂટ પરથી પસાર થવાનો હતો ત્યાં સંપૂર્ણ સાવચેતી રાખવામાં આવી હતી, પરંતુ જમ્મુ-કાશ્મીર હાઈવે ઉપર એક બાજુના માર્ગમાં નાગરિક વાહનોને મંજૂરી આપવી તે બાબતે ઘાતકી પુરવાર થઈ છે. ગ્રેનેડ હુમલો અથવા અચાનક ફાયરિંગ સામે સીઆરપીએફે અત્યંત સતર્કતા દાખવી હતી અને રૂટનું સઘન ચેકિંગ હાથધરાયું હતું. જો કે કમનસીબે પુલવામામાં અવંતીપોરા ખાતે એક વિસ્ફોટક લાદેલી ગાડીએ સીઆરપીએફના જવાનો સાથેની બસ સાથે ટક્કર મારી અને તેમાં ૩૭ જવાનો શહીદ થઈ ગયા.

સીઆરપીએફના ઈન્સ્પેક્ટર જનરલ (ઓપેરશન્સ) કાશ્મીર ઝુલ્ફિકાર હસને જણાવ્યું કે, 'રોડ ઓપનિંગ પાર્ટીએ ગુરુવારે સવારે સંપૂર્ણ રૂટનું ચેકિંગ કર્યું હતું. આ રૂટ પર ક્યાંય આઈઈડી મળ્યા નહતા અને જવાનોના કાફલા પર કોઈ ગોળીબાર અથવા ગ્રેનેડ હુમલો ના કરે તેની ચકાસણી પણ કરવામાં આવી હતી.' જૈશ-એ-મોહમ્મદનો આતંકી આદિલ અહમદ કાશ્મીરનો નાગરિક હતો અને તેમને મળેલી આઝાદી હેઠળ તે સર્વિસ રોડથી જમ્મુ-શ્રીનગર હાઈવે પર આવ્યો હતો.

અગાઉ જ્યારે સુરક્ષા જવાનોનો કાફલો પસાર થતો ત્યારે વચ્ચે સામાન્ય નાગરિકોની ગાડીઓને પસાર થવા દેવાતી નહતી. પરંતુ પરિસ્થિત સુધરતા કાફલામાં વચ્ચે અથવા આગળ પાછળ ગાડીઓ ચાલી શકે છે. આ જ નિર્ણય ઘાતકી પુરવાર થયો. સીઆરપીએફના એક અધિકારીએ જણાવ્યું કે, 'સ્થાનિક નાગરિકો અમારી ગતિવિધિથી મુશ્કેલીનો સામનો ના કરે તે માટે અમે ગાડીઓના કાફલાને આસપાસ ટ્રાફિકને મંજૂરી આપી હતી. આ પ્રકારને હુમલાની ટેકનિક બિલકુલ નવી છે. સુરક્ષાદળ પોતાની રણનીતિમાં બદલાવ કરશે.

ઉલ્લેખનીય છે કે ગુરુવારે સીઆરપીએફનો કાફલા પર આતંકીએ હુમલો કરતા ૩૭ જવાન શહીદ થયા હતા. આ વર્ષે ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૮ના પણ આતંકીઓએ પુલવામાના પંજગામમાં સીઆરપીએફના એક કેમ્પ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં આતંકીઓએ સીઆરપીએફની શિબિર પર હુમલો કરી કેમ્પમાં ઘૂસવા પ્રયાસ કર્યો હતો પરંતુ જવાનોની સતર્કતાને પગલે આતંકીઓ આમાં સફળ રહ્યા નહતા.

જેમને પાકિસ્તાનથી પૈસા મળી રહ્યા છે, તેમની સુરક્ષાનો રિવ્યૂ થશેઃ રાજનાથસિંહ

રાજનાથ સિંહે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યુ, "હું વિશ્વાસ અપાવું છું કે ભારત સરકાર અને જમ્મુ કાશ્મીરની સરકાર શહીદોના પરિવાર સાથે છે. આજે અધિકારીઓ સાથે મારી બેઠક થઈ હતી. રાજ્યપાલ સાથે બેઠક થઈ હતી. આર્મી, પોલીસ અને કેટલાક સુરક્ષા દળોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે."

"સુરક્ષાદળોનું મનોબળ મજબૂત છે. આતંકવાદ વિરુદ્ધ અમારી નિર્ણાયક લડાઈમાં દેશ સાથે છે. જમ્મુ કાશ્મીરને પ્રજાને વિશ્વાસ અપાવે છે અમે સરહદ પારના આતંકવાદના મનસૂબા સફળ નહીં થવા દઈએ. આઈએસઆઈ, આતંકવાદી સંગઠનમાં કેટલાક સ્થાનિકો સમાવિષ્ઠ છે. આ લોકો જમ્મુ કાશ્મીરના લોકોના ભવિષ્ય સાથે રમત કરી રહ્યાં છે."

"પાકિસ્તાન અને આઈએસઆઈના પૈસામાં જ રસ ધરાવનાર કેટલાક લોકો છે. પાકિસ્તાનના પૈસા લેનાર લોકોની સુરક્ષાનો રિવ્યૂ કરાશે, વિશ્વના ઈસ્લામિક દેશો પણ એક સાથે આંતરાષ્ટ્રીય મંચ પર ભારત સાથે ઊભા છે. આ હુમલા બાદ અમે નિર્ણય લીધો છે કે હવે પછી સુરક્ષા દળોનો કોન્વોય નીકળશે ત્યારે સિવિલિયનની મુવમેન્ટ પર પ્રતિબંધ થશે."

શહીદોનાં લોહીનાં એક-એક ટીપાનો બદલો લઈશું: પૂર્વ આર્મી વડા વી.કે. સિંઘ

ન્યુ દિલ્હી

પૂર્વ આર્મી ચીફ અને વિદેશ રાજ્ય પ્રધાન વી.કે. સિંઘે પુલવામામાં આતંકી હુમલા બાદ તિખી પ્રતિક્રિયા આપતા કહ્યું કે, આતંકી હુમલામાં જે જવાનો શહીદ થયા છે તેમના બલિદાનનાં લોહીનાં એક-એક ટીપાનો બદલો લઈશું. તેમણે કહ્યું કે, આર્મી દ્વારા તેમને યોગ્ય લાગે તે સમયે અને સ્થળે જવાબી કાર્યવાહી કરશે અને શહીદોનાં બલિદાનનો બદલો લઈશું. ૩૭ જવાનોનાં શહીદીથી મારુ લોહી ઉકળી ઉઠે છે અને આ કરોડરજ્જુ વગરનાં આતંકી હુમલાનો બદલો જરૂર લઈશું. તેમણે વધુમાં જણાવ્યું કે, આતંકવાદી હુમલો એક દુખદ ઘટના છે. કાશ્મીરમાં જે ઘટના બને છે દુખદ છે. દરેક ઘટના આપણને કહે છે કે આપણે શું કરવુ જોઈએ.

ચીનની નફ્ફટાઈ, પાકના ખોળામાં જઈને બેઠુ

મસૂદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવાના ભારતના પ્રસ્તાવ પર સમર્થન આપવા ચીનનો ઈન્કાર

બીજિંગ

જમ્મુ કાશ્મીરના પુલવામામાં આતંકવાદી હુમલાના પગલે આખો દેશ ગુસ્સામાં છે અને આંતરરાષ્ટ્રિય સ્તરે પણ આ હુમલાની નિંદા થઈ રહી છે. જોકે પાકિસ્તાનના મિત્ર અને ભારતના બીજા પાડોશી એવા ચીને ભારતના ઘા પર મીઠું ભભરાવવાનુ કામ કર્યું છે.

ચીને આ હુમલાની નિંદો તો કરી છે પણ તેના માટે જવાબદાર જૈશ એ મહોમ્મદના મુખિયા અઝહર મસૂદનો સાથ આપ્યો છે.

ભારતે આતંકવાદી સંગઠનના મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદીઓના લિસ્ટમા મુકવાના પ્રસ્તાવ પર સાથ આપવા માટે અપીલ કરી હતી પણ ચીને ભારતનો સાથ આપવાનો ઈનકાર કર્યો છે.

ચીને વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યુ હતુ કે ચીનને આતંકવાદી હુમલાની જાણકારી મળી છે.અમે સ્તબ્ધ છે.અમે શહીદોના પરિવારજનો માટે સંવેદના વ્યક્ત કરીએ છે અને કોઈ પણ પ્રકારના આતંકવાદની ચીન નિંદા કરે છે.

જ્યારે પ્રવક્તાને મસૂહ અઝહરને વૈશ્વિક આતંકવાદીઓના લિસ્ટમાં સામેલ કરવા અંગે સવાલ પૂછાયો ત્યારે તેમણે કહ્યુ હતુ કે સુરક્ષા પરિષદની ૧૨૬૭ કમિટીએ લિસ્ટિંગ અને આતંકવાદી સંગઠનો પર પોતાની શરતો સાફ કરી દીધી છે. ચીન આ મામલાને જવાબદારીપૂર્ણ રીતે હેન્ડલ કરવાનુ ચાલુ રાખશે.

ભારતે કરેલી અપીલને સાથ આપવાનો ચીને ઈનકાર કરીને ભારતને ફટકો માર્યો છે.

ચીન યુએનએસસીનુ સ્થાયી સભ્ય છે અને મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદીઓના લિસ્ટમાં સામેલ કરવાના ભારતના પ્રયત્નો સામે હંમેશા ચીને વિરોધ કર્યો છે.

ગુજરાતમાં હાઈ-એલર્ટ, સરહદેથી પાકિસ્તાની ઝડપાયો

ગાંધીનગર

પુલવામામાં આતંકી હુમલા બાદ ગુજરાતમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું. આઈબીના એલર્ટ બાદ સુરક્ષાના ભાગરૂપે ચેકિંગ શરૂ કરાયું. જેમાં રાજ્યભરમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે તપાસ શરૂ કરાઈ. તેમજ પોલીસ, ડૉગ સ્કવોર્ડ, બોમ્બ સ્કવોર્ડ દ્વારા તપાસ કરાઈ. રેલવે સ્ટેશન, મોલ મલ્ટીપ્લેક્સ સહિત તમામ સ્થળોએ ચેકિંગ તથા પોલીસ દ્વારા વાહનો રોકીને તપાસ હાથ ધરાઈ.

જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં સીઆરપીએફના જવાનો ઉપર આતંકવાદીઓએ આત્મઘાતી હુમલોનાં પગલે ગુજરાતમાં એલર્ટ આપવામાં આવ્યું. ગુજરાતના તમામ મુખ્યમાર્ગો પર નાકાબંધી કરીને વાહનોની તપાસ હાથ ધરવામાં આવી.

આ ઉપરાંત એરપોર્ટ, એસટી સ્ટેન્ડ, રેલવે સ્ટેશનો, પવિત્ર યાત્રાધામો અને દરિયાઈ માર્ગો પર પણ સઘન સુરક્ષા ગોઠવવામાં આવી. રાજ્યભરનાં તમામ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલીંગ વધારી દેવામાં આવ્યું.

જમ્મુ કાશ્મીરનાં પુલવામાં જિલ્લાના અવંતીપારાથી ગોરીપારા વચ્ચે થયેલા આ આતંકવાદી હુમલામાં ૩૭થી વધારે જવાનો શહીદ થયા હતા. આ ઉપરાંત ૪૫ જવાનોની હાલત ગંભીર સ્થિતિમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જેના કારણે ગુજરાતમાં એલર્ટ જાહેર કરીને ધોરીમાર્ગો પર નાકાબંધી કરી દેવામાં આવી.

પાટણના સુઈ ગામ બોર્ડર પરથી એક પાકિસ્તાની નાગરીક ઝડપાયો છે. બોર્ડરના પિર નંબર ૯૮૪ની નજીક ફેન્સીંગ પાસેથી નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન પકડવામાં આવ્યો છે. આ ઘુસણખોર પાકિસ્તાનના નગર પારકર જિલ્લાના થરપારકરનો હોવાનું પ્રાથમીક તપાસમાં ખુલ્યું છે. હાલ સાંતલપુર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. જેની પુછપરછ વિવિધ એજન્સી દ્વારા કરવામાં આવી રહ્યાનું બીએસએફના સુત્રોમાંથી જાણવા મળે છે.

આ આત્મઘાતી હુમલા બાદ ગુજરાત પ્રદેશ ભાજપનાં શુક્રવારે તમામ કાર્યક્રમો રદ કરી દેવામાં આવ્યાં હતા. પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ ગુજરાત ભાજપનાં તમામ કાર્યક્રમ રદ કર્યા જેમાં ૫ લોકસભા બેઠકના ૨ ક્લસ્ટર સંમેલન પણ રદ કરવામાં આવ્યાં. જીતુ વાઘાણીએ શહિદ જવાનો પ્રત્યે શોકની લાગણી વ્યક્ત કરી.











શહેરની કોલેજના વિદ્યાર્થીઓ અને યુવાનોને ગાંધી એન્જિનિયરિંગ કોલેજ પાસેથી રેલી યોજી શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ રેલી ગાંધી સ્મૃતિ ભવન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પહોંચી હતી. જ્યાં આર્મીના નિવૃત્તિ અધિકરી નીતિનભાઈ મહેતા, લેખક ઉર્વશી કંથારિયાએ શોકાંજલિ પાઠવી હતી.

કોલકાતાના ૬ વેપારીઓ દ્વારા ૧.૦૧ કરોડની છેતરપિંડી કરાઈ

સુરત

કલકતાના છ વેપારીઓએ સુરતના વેપારી સાથે રૂા.૧.૦૧ કરોડની ઠગાઈ હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સહારા દરવાજા ટ્વીન ટાવરમાં સાક્ષી અને સંગીતા પ્રિન્ટ ધરાવતા મનીષ સુભાષચંદ્ર રાઠી પાસેથી આરોપી રાજધન ભૂતડા, વિજય ભૂતડા, નિર્મલ ભૂતડા, કમલા ભૂતડા, મીના ભૂતડા, સુનીતા ભૂતડા કલકતાએ નુકસાનીના વળતર સાથે મંગાવેલો રૂા. ૧,૦૧,૧૯,૬૭૭નો માલનું પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. તેમજ ધાક ધમકીઓ આપી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

દક્ષિણ ગુજરાતમાં ફરી ઠંડીનું પ્રમાણ વધતા તાપમાનનો પારો ગગડ્યો

નવસારીમાં ૧૨ અને વલાસડમાં ૧૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન

સુરત

ગતરોજની સરખાણીએ આજે દક્ષિણ ગુજરાતના તાપમાનમાં ૨ ડિગ્રી સુધી ઘટાડો નોંધાતા અને ઉત્તર દિશા તરફથી ઠંડો પવન ફૂંકાવાની સાથે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૧.૮ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૮.૫ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૫ ટકા અને હવાનું દબાણ ૧૦૧૫.૪ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ પવનની દિશા મંદ પડી છે. ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં ૨ ડિગ્રી સુધી ઘટાડો નોંધાયો છે. નવસારીમાં આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૨.૨ ડિગ્રી નોંધાયુંછે. જે ગતરોજ ૧૪.૫ ડિગ્રી નોંધાયું હતું. આજે સવારે વલસાડમાં ૧૪.૧ ડિગ્રી ન્યુનત્તમ તાપમાન નોંધાયું છે. જે ગતરોજની સરખામણીએ યથાવત છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં ઘટાડો થતા ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. મોડી રાત્રે અને મળસ્કે ઠંડીનો અનુભવ થયો હતો. પરંતુ દિવસ દરમિયાન તાપમાન વધવાની સાથે ગરમીનો અનુભવ થયો હતો.

સલાબતપુરા અને પાંડેસરામાં જુગાર રમતા ૭ જુગારી ઝડપાયા

રૂા.૧.૧૯ લાખની મતા સાથે જુગારીઓ પકડાયા

સુરત

સલાબતપુરા અને પાંડેસરા પોલીસે વરલી-મટકા અને ગંજીપાનાના જુગારના અડ્ડા પર રેડ કરી જુગાર રમતા કુલ ૧૨ લોકોને ઝડપી પાડ્યા હતા અને કુલ રૂા.૧,૧૯૪૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સલાબતપુરા પોલીસે રૂસ્તમપુરા શહીદ ચોક પાસેથી વરલી મટકાનો જુગાર રમાડતા દેવાનંદ દયારામ ગજરે રહે. પદમાનગર, માનદરવાજા તથા રિક્ષા ચાલક એયુબ મીર્ઝા શેખ રહે. મોમણાની ચાલ, સહારા દરવાજાને ઝડપી પાડ્યા હતા. તેમજ પોલીસે રોકડ મળી કુલ રૂા.૭૦૭૧૦ની મતા કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પાંડેસરા પોલીસે ગઈરાત્રે કરશન નગરમાં રેડ કરી જાહેરમાં જુગાર રમતા બલરામ શદાનંદ સ્વાઈ, સંતોષ રાજેન્દ્ર બહેરા, જીતેન્દ્ર રવિન્દ્ર નાય, ગોપીનાથ ભગવાનભાઈ પરીડા, યુધિષ્ઠીર અભિરામ પઢીયાલી, ટુન્ના ગણપત જૈન, સંતોષ ઉર્ફે મામુ બિસ્નોઈ કુમાર સન્યાસી મલિક, અરૂણ કૈલાશ માનથા, તથા અજીત કાશીનાથ પઢીયાલીને ઝડપી પાડ્યા હતા. તેમજ પોલીસે રોકડ મળી કુલ રૂા.૭૦૭૧૦ની મતા કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પુલવામા આતંકી હુમલા અંગે સુરતમાં આક્રોશ

શહેરમાં ઠેર-ઠેર શહીદ જવાનોના માનમાં શ્રદ્ધાંજલિ સભા : ચોકબજારની દુકાનો બંધ

સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સાંજે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ ચેમ્બરમાં પણ સાંજે શહીદોના માનમાં કાર્યક્રમ આયોજિત કરાયો

સુરત

જમ્મુ-કાશ્મીર પુલવામા સીઆરપીએફ જવાનો ઉપર થયેલા આતંકવાદી હુમલામાં ૪૪ જવાન શહીદ થતા સુરત શહેરમાં પણ શોકની લાગણી સાથે આક્રોશ વ્યાપી ગયો છે. કેન્દ્ર સરકાર હવે તાયફામાંથી બહાર આવી નક્કર કાર્યવાહી કરે તેવી માગ ઉઠવા પામી છે. શહીદ જવાનોની માનમાં આજે શહેરમાં ઠેર-ઠેર શ્રદ્ધાંજલિના કાર્યક્રમો રાખવામાં આવી રહ્યાં છે. ખાસ કરીને મુસ્લિમ વસતિ ધરાવતા ચોકબજાર વિસ્તારના મુસ્લિમ બિરાદરોએ આજે સ્વયંભૂ બંધ પાળી શહીદોને શ્રદ્ધાંજલિ અપર્ણ કરી હતી. ચોકબજાર વિસ્તારમાં આવેલ કાપડ બજાર, જનતા માર્કેટ સહિતની દુકાનદારોએ સ્વયંભૂ બંધ પાળ્યો હતો. ચેમ્બર ઓફ કોમર્સ પણ આજે સાંજે ૫.૩૦ કલાકે નાનપુરા ચેમ્બર ઓફ કોમર્સના હોલમાં શોકાંજલિ સભાનું આયોજન કર્યું છે. શહેરભરમાં વિવિધ સંસ્થાઓ પણ શહીદોના માનમાં શ્રદ્ધાંજલિ આપી રહ્યાં છે.

જમ્મુ કાશ્મીરના પુલવામામા થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ભારતીય જવાનોને અશ્રુભીની શ્રદ્ધાંજલિ આપવા આજે સાંજે ૬ કલાકે સુરત શહેર કોંગ્રેસ સમિતિએ શ્રદ્ધાંજલિ અર્પિત કરશે. આ શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ નાનપુરા રંગભવન કાર્યક્રમ નાનપુરા રંગ ઉપવન પાસે કોંગ્રેસના કાર્યાલય ખાતે થશે. સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ રાયકાએ જવાનો ઉપર થયેલા કાયરતાભર્યા હુમલાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢયા હતા.

આમ પુલવામા થયેલા મોટા આતંકવાદી હુમલામાં ૪૪ થજવાન શહીદ થતા સુરત શહેરની પ્રજાનું લોહી ખોળી ઉઠયું હતું તમામ લોકો ભારે આક્રોશમાં છે. અને કેન્દ્ર સરકારની જવાનોની સુરક્ષા મુદ્દે ઢીલી નીતિ ઉપર ફટકાર વરસાવી રહ્યાં છે.

પાલીગામે વરઘોડામાં ફાયરિંગ અંગે જાણવા જોગ પોલીસ ફરિયાદ

સુરત

સુરત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખના પુત્રના લગ્ન પ્રસંગે વરઘોડામાં થયેલા ગોળીબાર પ્રકરણમાં કામરેજ પોલીસે જાણવા જોગ ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી હતી. જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સુરત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભાજપ અગ્રણી હિતેન્દ્રસિંહ કિશોરસિંહ વાંસિયાના પુત્ર કૃણાલસિંહના લગ્ન કામરેજ તાલુકાના પાલી ગામે ગત રવિવારના રોજ યોજાયા હતા. લગ્ન પ્રસંગ નિમિત્તે રવિવારની રાત્રિએ કૃણાલસિંહનો વરઘોડો નીકળ્યો હતો. તે સમયે ઉપપ્રમુખ હિતેન્દ્રસિંહ વાંસિયા તેની પત્ની રીટાબેન અને પુત્ર કૃણાલ સિંહએ વારાફરતી હવામાં અનેકવાર ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગ કરતો વીડિયો સોમવારે સવારથી જ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. વીડિયો વાયરલ થતાની સાથે જ રાજકીય અને સામાજિક માહોલમાં ગરમાટો આવ્યો હતો. બીજી તરફ ડી.એસ.પી. એ.એમ. મુનિયા તથા કામરેજ પોલીસે જરુરી તપાસ શરૂ કરી હતી.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશાનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
Madhivala LINIMENT
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com



વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે આરોગ્ય કર્મચારી સંઘ દ્વારા આજથી રાજ્યવ્યાપી અચોક્કસ મુદતની હડતાળનો આરંભ કરાયો છે. સુરત મુગલીસરા પાસેના દરિયા મહેલ જિલ્લા પંચાયત કચેરીઓ હડતાળ પર ઉતરેલા આરોગ્ય કર્મચારીઓની આ તસ્વીર છે.

ભરૂચ જિલ્લા કોંગ્રેસ દ્વારા પુલવામા હુમલાને વખોડવા કેન્ડલ માર્ચ

અંકલેશ્વર

કાશ્મીરના પુલવામા ખાતે ધૃણાસ્પદ આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલી અર્પવા માટે ગુરૂવારે રાત્રે ભરૂચ જિલ્લા કોંગ્રેસ દ્વારા કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી.ભરૂચ જિલ્લા કોંગ્રેસ દ્વારા રાત્રે સાડા દસ કલાકે કોંગ્રેસ કાર્યાલયથી પાંચબત્તી સુધી કેન્ડલ માર્ચ યોજાઈ હતી. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પરિમલસિંહ રાણા, પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ યુનુસ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રવક્તા નાઝુ ફડવાલા, મહિલા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ધ્રુતા રાવલ સહિત કોંગ્રેસના હોદેદારો, આગેવાનો, યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. જિલ્લા પ્રવક્તા નાઝુ ફડવાલાએ જણાવ્યું હતું કે આ અત્યંત દુઃકદ ઘટના છે. અમે શહીદોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ. તેમજ આ ઘટનામાં શહીદ થયેલા પરિવારો સાથે અમારી સંવેદના અને સહાનુભૂતિ છે.

રૂમલા ખાતે સિકલસેલ દર્દીઓ માટે ફોલોઅપ કેમ્પ યોજાયો

૧૦૦થી વધુ દર્દીઓને તજજ્ઞોની સારવાર લીધી

નવસારી

જિલ્લા પંચાયત નવસારી આરોગ્ય શાખા અને તાલુકા હેલ્થ કચેરી ચીખલીના સંયુકત ઉપક્રમે રૂમલા ખાતે સિકલસેલ ડીસીઝ દર્દીઓ માટે મેડીકલ ફોલોઅપ કેમ્પ જિલ્લાપંચાયત પ્રમુખ ડૉ.અમિતાબેન પટેલ, કલેકટર ડૉ.એમ.ડી.મોડિયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. તેમની સાથે સિંચાઈ સમિતિના અધ્યક્ષશ્રી નગીનભાઈ પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.દિલિપ ભાવસાર, જિલ્લા આર.સી.એચ.ઓ. ડૉ.સુજીત પરમાર, જિલ્લા રોગચાળા અધિકારી સિકલસેલ એનીમીયા નોડલ ઓફિસર ડૉ.એમ.આર.ડેલીવાલા, ચીખલી તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.પુછવાલે, વલસાડ રકતદાન કેન્દ્રના ડૉ.યઝદી ઈટાલીયા, ભાવેશભાઈ રાઈચા, રૂમલાના સરપંચ શ્રી મણીભાઈ તથા વિવિધ નિષ્ણાંત તબીબો હાજર રહયાં હતાં.

ગણદેવી ધારાસભ્ય શ્રી નરેભાઈ પટેલ તથા ડૉ.એમ.આર.ડેલીવાલા ધ્વારા તમામ દર્દીઓને શું કાળજી રાખવી, જેવી કે રોજના ૧૦-૧૫ ગ્લાસ પાણી પીવું, નિયમિત સારવાર, ફોલોઅપ, સમતોલ આહાર, વ્યસનમુકત રહેવું અંગે સમજ આપવમાં આવી હતી. રૂમલા સામુહિક કેન્દ્રના અધિક્ષક ડૉ.મુકેશ પટેલ, ડૉ.પરિમલ પટેલ તથા તેમની ટીમ ધ્વારા કેમ્પને સફળ બનાવવા પુરતો સાથ સહકાર આપવામાં આવ્યો હતો. ફીઝીશીયન, સ્ત્રી રોગ નિષ્ણાંત, બાળ રોગ નિષ્ણાંત, જનરલ સર્જન તથા હાડકાના સર્જનની સેવાઓ કેમ્પમાં પૂરી પાડવામાં આવી હતી. નવસારી જિલ્લામાં કુલ ૧૬૦૦ જેટલા સિકલસેલના દર્દીઓ છે જેઓને આવા કેમ્પો ધ્વારા જરૂરી સારવાર પૂરી પાડી તેઓની ઉદભવતી તકલીફો નિવારવામાં આવે છે.

જિલ્લા કલેકટર ડૉ.એમ.ડી.મોડિયા તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.જી.ગોહિલે કેમ્પના લાભાર્થીઓની મુલાકાત લીધી હતી. સિકલસેલ દર્દીના સતત સંપર્કમાં રહી તેઓ સુધી જરૂરી સારવાર પહોંચાડનાર સિકલસેલ કાઉન્સેલરોને તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ સર્ટિફિકેટ આપી બિરદાવવામાં આવ્યા હતાં. હવે પછી કેમ્પો તા.૧૫/૨/૧૯ ના રોજ ચીખલી સામૂહિક આરોગ્ય કેન્દ્ર, તા.૧૬/૨/૧૯ મહુવાસ પ્રા.આર.કેન્દ્ર તથા તા.૧૯/૨/૧૯ ના રોજ પ્રા.આ.કેન્દ્ર કંડોલપાડા ખાતે યોજાશે.

તુંડી ગામે બાળકના પેટ પર ટ્રકનું વ્હીલ ફરી વળતા મોત

સુરત

પલસાણા તુંડી ગામ વૃંદાવન પાર્ક પાસે એક ટ્રક ચાલકે બેદરકારી પૂર્વક વાહન હંકારી માસુમ પુત્ર પર ટ્રકનું ટાયર ચઢાવી દઈ મોત નીપજાવી ફરાર થઈ ગયો હોવાનો બનાવ પલસાણા પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે ફેટલનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના વતની અને હાલમાં પલસાણા તુંડી ગામ વૃંદાવન પાર્ક રેસીડેન્સી ખાતે રહેતા જેમલભાઈ ભીનાભાઈ રાઠવાએ પલસાણા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તુંડી ગામ ખાતેથી પસાર થતી એક હાઈવા ટ્રકના ચાલક જીજે-૫-બીટી-૭૮૪૨ નંબરના ચાલકે પૂરપાટ ઝડપે ટ્રક હંકારી તેમના પુત્ર પ્રદીપના પેટ પર પાછળનું વ્હીલ ચઢાવી દઈ મોત નીપજાવી ફરાર થઈ ગયો હતો. પોલીસે ફેટલનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શેમારૂના નવા ઓટીટી પ્લેટફોર્મ 'શેમારૂમી'ની જાહેરાત

અસલી બોલીવુડ ચાહકો માટે આનંદના સમાચાર

સુરત

શેમારૂએન્ટરટેઈનમેન્ટ લિમિટેડેનવા યુગના બોલિવુડ સેન્સેશન ટાયગર શ્રોફની હાજરીમાં તેના ઓટીટી(ઓવર -ધ -ટોપ) પ્લેટફોર્મ શેમારૂમી (ShemarooMe)ની રજૂઆતની મુંબઈમાં જાહેરાત કરી છે. શેમારૂમીએ ભારતીય બજારનુએક ઘનિષ્ઠ પ્લેટફોર્મ છે, જે બોલિવુડ, ગુજરાતી અને ભક્તિ અંગેભારતીય વિડીયો કન્ટેન્ટ ઈચ્છતા દર્શકોને ભિન્ન પ્રકારની અને એક્સલુઝિવ સામગ્રી ઓફર કરશે અને તમામ વય જૂથોની જરૂરિયાત સંતોષશે.

શેમારૂમીતેના ચાહકોને મનગમતી સામગ્રી જોવાની તક પૂરી પાડીને દરેક ડાયલોગ તથા દરેક યાદગાર દ્રશ્ય હૃદયમાં સ્થાન ધારણ કરે ત્યાં સુધી મમળાવવાની તક પૂરી પાડશે. આ એપ્પનો ઉદ્દેશ પોતાની મૂળ ભાષામાં આરામદાયકતા અનુભવ તા દેશ ભરના તમામ ભારતીયોની જરૂરિયાત સંતોષવાની છે અને તે વિતેલાં વર્ષોમાં તેમણે કેળવેલો મસાલા કન્ટેન્ટનો સ્વાદ પૂરો પાડશે. ગુગલ કેપીએમજી ૨૦૧૭ના અહેવાલ અનુસાર વર્ષ ૨૦૨૧ સુધીમાં ભારતના ઈન્ટરનેટ વાપરનારા લોકોમાં ભારતીય ભાષાઓમાં સામગ્રી ઈચ્છતા લોકો ૭૫ ટકા જેટલા હશે. અહીં એ ઉલ્લેખ કરવો જોઈએ કે ભારત કે જ્યાં વર્ષ ૨૦૧૭માં ૩૦ કરોડ સ્માર્ટફોન વાપરનાર હતા તે વર્ષ ૨૦૨૨ સુધીમાં ૪૪ કરોડ લોકોની સંખ્યા વટાવીને વૃધ્ધિની વ્યાપક ક્ષમતા સર્જશે.

આતંકવાદી હુમલામાં શહીદોને શ્રધ્ધાંજલિ અપર્ણ કરવા સાથે

મનપાનું ૫૭૪૯ કરોડનું બજેટ ચર્ચા વગર સર્વાનૂમતે મંજૂર

સુરત મહાનગરપાલિકાના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત સામાન્ય સભામાં ચર્ચા વગર માત્ર ૧૦ મિનિટમાં બજેટ સર્વાનૂમતે મંજૂર કરી દેવાયું

સુરત

આજરોજ સવારે દસ કલાકે નિર્ધારિત સુરત મહાનગરપાલિકાની બજેટની સામાન્ય સભામાં ગતરોજ જમ્મુ - કાશ્મીરની પુલવામા ખાતે આતંકવાદી હુમલામાં શહીદ થયેલ સીઆરપીએફના ૪૪ જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી સભા અધ્યક્ષ મેયરે ડાયસના બદલે નીચે ખુરશીઓ મુકાવી હતી અને વિપક્ષી નેતા સહિત ડેપ્યુટી મેયર, સ્થાયી અધ્યક્ષ, શાસક પક્ષ નેતા, દંડક સહિતના પદાધિકારીઓને બોલાવી શોકદર્શક દરખાસ્ત રજૂ કરી હતી. મેયર ડો. જગદીશ પટેલે શોક દર્શક દરખાસ્ત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગતરોજ કાશ્મીરના પુલવામામાં સઆરપીએફની કંપની ઉપર ૩.૩૭ વાગ્યાના સુમારે આત્મઘાતી આતંકવાદી હુમલો થયો હતો. જેમાં સીઆરપીએફના ૪૪ જવાનો શહીદ થયા હતા. આ હુમલો સીઆરપીએફ કે પુલવામા પર નહોતો, પરંતુ દેશ ઉપર અને ભારતના તમામ નાગરિકો ઉપર આ આતંકી હુમલો હતો. આખા બનાવમાં જે દશ્યો સર્જાયા તે સામાન્ય નાગરિકને વિહવળ કરનારા હતા. સુરક્ષા જવાનોની સતર્કતાથી નિરાંતે ઉઘનારા અસંખ્ય દેશવાસીઓ નાગરિકો ગત રાત્રિ ઊંઘી શક્યા નથી. આપણી તમામ ઊંડી સંવેદના સીઆરપીએફના શહીદ થયેલ જવાનોના પરિવારો સાથે છે. આ જઘન્ય આત્મઘાતીકૃત્ય જૈશ મોહંમદ દ્વારા કરવામાં આવ્યું હોવાની સ્વીકૃતી કરવામાં આવી છે. દેશના નાગરિકો અને સુરક્ષા જવાનો પોત પોતાની ભૂમિકા અદા કરી બદલો લઈ શકાય તેવી લાગણી સમગ્ર દેશમાં છે. શહીદ થયેલ જવાનોના પરિવારો સાથે સમગ્ર દેશ ખભેખભા મીલાવીને ઊભો છે અને પરિવારને આપી પડેલ દુઃખમાં સહભાગી છે. કોઈપણ પ્રકારના પગલાં લેવા માટે આપણે તેમની સાથે છીએ.

ત્યારબાદ સામાન્ય સભામાં બીજી શોક દર્શક દરખાસ્ત માટે સભાધ્યક્ષ દ્વારા વિપક્ષી નેતા પપન તોગડિયાને તક આપી હતી. પપન તોગડિયાએ સભાગૃહમાં જણાવ્યું કે, ગતરોજ પુલવામા ખાતે આતંકી હુમલામાં ૪૪ સૈનિકો શહીદ થયા છે. બોર્ડર ઉપર સૈનિકો જાગતા હોય ત્યારે દેશવાસીઓ શાંતિથી ઊંઘી શકે છે. આજે ૪૪ સૈનિક પરિવારો પર આવી પડેલી આફતમાં સમગ્ર દેશ તેમની સાથે છે પાડોશી દેશમાંથી જૈશ મોહંમદના આતંકીઓ દ્વારા હિચકારા કૃત્ય કરવામાં આવ્યું છે. સમગ્ર દેશ ઊંડા શોકની લાગણી અનુભવી રહ્યો છે. સુરત મહાનગરપાલિકા પણ શોક વ્યકત કરી પરિવારોને જેમ બને તેમ દદ કરી ભારતીય નાગરિક હોવાનું પુરવાર કરે.

ત્યારબાદ સભાધ્યક્ષ ડો. જગદીશ પટેલ દ્વારા સભાગૃહમાં હાજર તમામ સભ્યોનેએકબીજાની નજીક કતારબંધ ઊભા રાખીને એકબીજાના હાથ પકડી સામાન્ય સભાના એજન્ડા ઉપરના તમામ કામો સર્વાનૂમતે મંજૂર કરાવી સભા અનિશ્ચિત સમય માટે મુલતવી રાખી હતી.

આજની સામાન્ય સભાના એજન્ડામાં સુરત મહાનગરપાલિકાનું આગામી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેનું ૫૭૪૯ કરોડ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું ૪૯૫ કરોડનું બજેટનો પણ સમાવેશ થાય છે. શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવાની સાથે કામો સર્વાનૂમતે મંજૂર કરાવી સભા અનિશ્ચિત સમય માટે મુલતવી રાખી હતી.

આજની સામાન્ય સભાના એજન્ડામાં સુરત મહાનગરપાલિકાનું આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેનું ૫૭૪૯ કરોડ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું ૪૯૫ કરોડનું બજેટનો પણ સમાવેશ થાય છે. શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવાની સાથે સુરત મહાનગરપાલિકાના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત એક પણ ચર્ચા વગર બજેટ સર્વાનૂમતે મંજૂર થતા સભા ગણતરીના મિનિટોમાં પૂર્ણ થઈ હતી.

માંડવીમાં રેતીખનના કૌભાંડમાં વધુ એક ટ્રક માલિક વિરુદ્ધ ફરિયાદ

સુરત

ભુસ્તર વિભાગની સુરત કચેરીના અધિકારીઓ દ્વારા એક માસ પહેલા માંડવી ખાતેથી ઝડપી પાડેલા રેતી ખનન કૌભાંડમાં ટ્રકના ડ્રાઈવર અને માલિક વિરુદ્ધ ગઈકાલે પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સુરત શહેરના અઠવાલાઈન્સ ખાતે આવેલ ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાની કચેરીના અધિકારી રવિકુમાર મનુભાઈ ચૌધરી સહિતના સ્ટાફે ગઈ તારીખ ૧૫-૧-૨૦૧૯ના રોજ માંડવી તાલુકામાંથી બીન અધિકૃત રીતે તાપી નદીમાંથી રેતી ખનીજ વહન કરતી ટ્રક નંબર ડી.એન.૦૯-ક્યુ ૯૩૬૪ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત ગઈકાલે અધિકારી રવિકુમારે રેતી ખનન કરતી ટ્રકના માલિક સાલમભાઈ તથા ટ્રકના ડ્રાઈવર સતીષ ખાલપભાઈ પટેલ રહે. સુથવાર ગામ, તા. ચીખલી, જિ.નવસારી વિરુદ્ધ માંડવી પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી એએસઆઈવાડગીયા ભાઈ દશરીયાભાઈએ વધુ તપાસ શરૂ કરી હતી.

અમરોલી કોલેજ દ્વારા પુના ખાતે સ્ટુડન્ટ એક્સચેન્જ કાર્યક્રમ યોજાયો

જુદી જુદી કોલેજો વચ્ચે જ્ઞાનનું આદાન-પ્રદાન

સુરત

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ દ્વારા આગામી ૮મી માર્ચ થી ૧૧ માર્ચ સુધી પુના ખાતે આવેલ પુને ઈન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ સંસ્થામાં ૩ દિવસ માટે ફેકલ્ટી અને સ્ટુડન્ટ એક્સચેન્જ કાર્યક્રમનું આયોજન થનાર છે. હાલમાં વિદ્યાર્થીઓ કોલેજમાં ડીજીટલ ટેક્નોલોજી સાથે જીવન ઉપયોગી, વ્યવહારૂ જ્ઞાન તો મેળવી રહ્યા જ છે, પરંતુ સમયના પ્રવાહમાં સતત આગળ વધતા રહેવા માટે અન્ય સંસ્થાનો અભ્યાસ પણ જરૂરી બને છે આ હેતુથી પ્રેરાઈને પુને ઈન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ સાથે અમરોલી કોલેજ દ્વારા એમઓયુ કરવામાં આવ્યુંછે. જે અંતર્ગત બંને સંસ્થામાં જ્ઞાનના આદાન પ્રદાન અર્થે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એક બીજાની સંસ્થાની મુલાકાત લે છે. અધ્યાપકો દ્વારા જે તે સંસ્થાના વિદ્યાર્થીઓ સાથે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવે છે. અને અમારી કોલેજના વિદ્યાર્થીઓ તે સંસ્થાના અધ્યાપકો પાસે જ્ઞાન મેળવે છે. જેથી જ્ઞાનનું મુક્ત રીતે આદાન પ્રદાન કરી શકાય. કોલેજના કુલ ૬ અધ્યાપકો અને ૫૫ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે. ઉપરોક્ત કાર્યક્રમ અંગે માર્ગદર્શન કાર્યક્રમ બુધવાર તા.૧૩-૨-૨૦૧૯ના રોજ રાખવામાં આવ્યો હતો. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવ અરવિંદ ધ્રુક ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. ગિરીશ એન રાણા અને અરવિંદ ધ્રુક દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ.કિશોરસિંહ એન. ચાવડા અને જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર તેમને શુભેચ્છા પાઠવે છે.







કાશ્મીરના પુલવામાં ખાતે થયેલા ભયાનક આંતકી હુમલામાં શહીદ થયેલા વીર જવાનોને સુરતની સર્જન લીટલ સ્ટાર નર્સરી સ્કૂલના ભૂલકાઓએ પણ શ્રદ્ધાંજલી પાઠવી વીર જવાનોની શહાદતને બિદરાવી હતી.

રાજદ્રોહ કેસમાં હાર્દિક પટેલ કોર્ટની મુદ્દતે હાજર રહ્યો નહીં

વધુ સુનાવણી તા. ૨૭મીએ હાથ ધરાશે

સુરત

અમરોલી પોલીસ મથકમાં નોંધાયેલા રાજદ્રોહના ગુનામાં ઈન્સાફી કાર્યવાહી શરૂ થઈ છે. ત્યારે આજની ઠરાવ તારીખ મુદ્દત પર પાસના પૂર્વ કન્વીનર હાર્દિક પટેલ કોર્ટ સમક્ષ હાજર નહીં રહેતા બચાવ પક્ષના એડવોકેટ યશવંતસિંહવાળાએ તેનો હાજરી મુક્તિનો રિપોર્ટ આપ્યો હતો. જોકે અન્ય બે આરોપીઓ ચિરાગ અને વિપુલ દેસાઈ કોર્ટ સમક્ષ હાજર રહ્યા હતા. વધુ સુનાવણી તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ હાથ ધરાશે.

આ કેસની વિગતો એવી છે કે, પાટીદાર આંદોલન દરમિયાન પાસના જે તે વખતના કન્વીનર હાર્દિક પટેલે મોટા વરાછાના ખાતે પહોંચી પોલીસ વિરુદ્ધ બેફામ નિવેદનો કર્યા હતા. ડીસીપી મકરંદ ચૌહાણે અમરોલી પોલીસ મથકમાં હાર્દિક પટેલ વિરુદ્ધ રાજદ્રોહનો ગુનો દાખલ કર્યા બાદ ડીસીબીના પૂર્વ પીઆઈ જે.એચ. દહીયાએ તેની ધરપકડક રી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. ૨૭૦ દિવસ લાજપોર જેલમાં રહ્યા બાદ હાઈકોર્ટે તેને જામીન મુકત કર્યો હતો. ડીસીબી દ્વારા તેના વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કર્યા બાદ ચાર્જ ફ્રેમ કરવામાં આવ્યો હતો. આ કેસની આજે સુનાવણી હતની, પરંતુ હાર્દિક પટેલ સામાજિક કારણોસર બહાર હોવાથી તેમના એડવોકેટ યશવંતસિંહ વાળાએહાજરી મુક્તિનો રિપોર્ટ આપતા વધુ સુનાવણી ૨૭મીએ હાથ ધરાશે.

મોડીરાત્રે અંકલેશ્વરની પ્રીતેન હેલ્થ કેર કંપનીમાં ધડાકો : બે કામદારોના મોત

સુરત

અંકલેશ્વર જીઆઈડીસી માં આવેલ પ્રીતેન હેલ્થકેર કંપનીમાં મોડી રાત્રે અચાનક પ્લાન્ટ માં બ્લાસ્ટ થતા આગ ફાટી નીકળતા નાશભાગ મચી જવા પામી હતી ૫ જેટલા ફાયરબ્રિગેડ દોડી આવી આગ પર કાબુ મેળવ્યો હતો આ ઘટનામાં ૨ કામદારો ના મોત નિપજ્યા હતા જયારે બે કામદારો દાઝી જતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અંકલેશ્વર જીઆઈડીસી માં આવેલ પ્રીતેન હેલ્થકેર કંપનીમાં મોડી રાત્રે રસાયણીક પ્રક્રિયા ચાલી રહી હતી તે દરમિયાન પ્લાન્ટ માં અચાનક ધડાકો થતા આગ ફાટી નીકળતા દોડધામ મચી જવા પામી હતી આ આગની જાણ ડીપીએમસી ફાયર સ્ટેશન માં કરાતા ૬ જેટલા ફાયર બ્રિગેડ સાથે ફાયટરો દોડી આવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો ,આ ઘટના દરમિયાન પ્લાન્ટ માં કામ કરી રહેલા બે કામદારો ને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સાથે જ મોત નિપજ્યા હતા જયારે બે કામદારો દાઝી જતા તાત્કાલીક સારવાર અર્થે ભરૂચની હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા પ્લાન્ટ માં બ્લાસ્ટ થવાના કારણે સમગ્ર પ્લાન્ટ ધરાસાય થઈ જતા મોટું નુકશાન થવા પામ્યું હતું આ ઘટનાની જાણ જીઆઈડીસી પોલીસ મથકમાં થતા પોલીસ કાફલો દોડી આવ્યો હતો.

કોસંબા હાઈવે પર પવન પેટ્રોલ પંપ પર મોડીરાત્રે લૂંટારૂઓ ત્રાટક્યાં

કર્મચારીઓ પર પથ્થરમારો કરી પેટ્રોલ પંપનો વકરો તથા ઘરેણાની લૂંટ

સુરત

સુરત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખના પુત્રના લગ્ન પ્રસંગે વરઘોડામાં થયેલા ગોળીબાર પ્રકરણમાં કામરેજ પોલીસે જાણવા જોગ ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી હતી.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સુરત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભાજપ અગ્રણી હિતેન્દ્રસિંહ કિશોરસિંહ વાંસિયાના પુત્ર કૃણાલસિંહના લગ્ન કામરેજ તાલુકાના પાલી ગામે ગત રવિવારના રોજ યોજાયા હતા. લગ્ન પ્રસંગ નિમિત્તે રવિવારની રાત્રિએ કૃણાલસિંહનો વરઘોડો નીકળ્યો હતો. તે સમયે ઉપપ્રમુખ હિતેન્દ્રસિંહ વાંસિયા તેની પત્ની રીટાબેન અને પુત્ર કૃણાલ સિંહએ વારાફરતી હવામાં અનેકવાર ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગ કરતો વીડિયો સોમવારે સવારથી જ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. વીડિયો વાયરલ થતાની સાથે જ રાજકીય અને સામાજિક માહોલમાં ગરમાટો આવ્યો હતો. બીજી તરફ ડી.એસ.પી. એ.એમ. મુનિયા તથા કામરેજ પોલીસે જરુરી તપાસ શરૂ કરી હતી. જેમાં પ્રાથમિક બહાર આવ્યું હતું. કામરેજ પોલીસે આ ફાયરિંગ પ્રકરણ ચોપડે જાણવા જોગ ફરિયાદ દાખલ કરી હેડ કોન્સ્ટેબલ હેમંતભાઈ રતિલાલ વધુ તપાસ શરૂ કરી હતી.

પલસાણામાં કુંભાર યુવકના ગળામાંથી અછોડા તોડી લેવાયો

બાઈકર્સ ગેંગ અછોડો ઝૂંટવી છૂ મંતર

સુરત

પલસાણા તાલુકાના બારાસડી ગામે રોડ ફળિયામાં માટીના વાસણો વેચતા યુવકના ગળામાંથી રૂા. ૬૦ હજારનું સોનાનું બે તોલાનું ડોકિયું આંચકી બાઈક સવાર બે અજાણ્યા ફરાર થઈ ગયા હતા.

જિલ્લા પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર પલસાણા તાલુકાના બારાસડી ગામે આવેલા રોડ ફળિયામાં રહેતા રાજકુમાર ગરીબલાલ પ્રજાપતિ પોતાના ઘરે માટીના વાસણો વેચે છે. ગઈકાલે સાંજે બાઈક પર ગુજરાતી ભાષા બોલતા ૨૦ થી ૨૫ વર્ષના અજાણ્યા બે યુવકો માટીના વસાણ ખરીદવાના બહાને આવ્યા હતા માટીની ચીલમ ખરીદ કર્ય બાદ કુંભાર યુવક રાજકુમાર પ્રજાપતિના નળામાં રહેલું રહેલું સોનાનું મણકાવાળું બે તોલાનું ડોક્યુંકિ. રૂા. ૬,૦૦૦ની લૂંટ કરી હતી તેમજ રાજકુમારને ધક્કો માર મારી તેમજ રાજકુમારને ધક્કો મારી પાડી દીધા ફરાર થઈ ગયા હતા. લૂંટના બનાવ અંગે રાજકુમાર પ્રજાપતિએ પલસાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

ઝોન કક્ષાની વોલીબોલ સ્પર્ધામાં મહારાણા પ્રતાપ શાળા પ્રથમ ક્રમે

સુરત

ન. પ્રા. શિ. સ. સુરત આયોજિત બાળ રમતોત્સવ-૨૦૧૯ અંતર્ગત વરાછા ઝોન કક્ષાએ યોજાયેલ સ્પર્ધામાં વોલીબોલમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ ટીમને કોચ શ્રી નિલેશભાઈ સંઘાણીએ માર્ગદર્શન આપ્યું હતું. ૧૦૦ મીટર દોડમાં ભાંભરિયા મનોજ રમેશભાઈએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્ટેન્ડિંગ જમ્પમાં પરમાર મિતુલ પરેશભાઈએ અને લાંબી કૂદમાં નાકરાણી કૃતાર્થ વિપુલભાઈએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. બાલવાડી વિભાગમાં ફુગ્ગા ફોડમાં સખિયા ગ્રંથ સુભાષભાઈએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યોહતો. શિક્ષકોના વિભાગમાં ચક ફેં કમાં ભાઈઓમાં શ્રી નિલેશભાઈ સંઘાણીએ અને બહેનોના વિભાગમાં શ્રીમતી નયના બહેને પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. લંગડીમાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. ઊંચી કૂદમાં માવાણી નયને ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

ઝોન કક્ષાએ આગવી સિદ્ધિ હાંસલ કરવા બદલ સૌ રમતવીરોને આચાર્ય શ્રી મિતેશભાઈ પ્રજાપતિએ અને શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

પુલવામાના આતંકવાદી હુમલાને વખોડતા રાજ્યસભા સાંસદ અહમદભાઈ પટેલ

સરકાર આકરા કદમ ઉઠાવે અમે સાથે છીએ : અહમદ પટેલ

અંકલેશ્વર

કાશ્મીરના પુલવામા ખાતે સીઆરપીએફના જવાનો પરના સૌથી મોટા આતંકી હુમલાને રાજ્યસભા સાંસદ અહમદ પટેલે કડક શબ્દોમાં વખોડી નાંખ્યો છે.

પોતાના માદરે વતન પિરામણ ખાતે આવેલા રાજ્યસભા સાંસદ અહમદ પટેલે અમારા પ્રતિનિધિ સાથે કરેલી ખાસ વાતચીતમાં જણાવ્યું હતું કે, આ હુમલાને કયા શબ્દોમાં વખોડવો કે નિંદા કરવી એ જ સૂઝતું નથી. આતંકવાદને નેસ્તનાબૂદ કરવા માટે સરકાર જે કોઈ પણ પગલાં લે એમાં અમે સાથે છીએ. કેટલી નાની ઉંમરમાં દેશની રક્ષા કાજે જવાનો શહીદી ભોગવી રહ્યા છે. તેમના પરિવારોની સાથે અમે છીએ અને અમારી સંવેદના તેમની સાથે છે. શહીદોને શ્રદ્ધાંજલી અને એમના આત્માને પ્રભુ શાંતિ આપે એવી પ્રાર્થના કરૂં છું.

નર્મદા જિલ્લામાં નાની ઉંમરે થતા પ્રેમ લગ્ન તથા છોકરીઓના વેચાણની બદી અટકાવવા જાગૃત થવા અપીલ



મહિલા સામખ્ય સંસ્થા અને રાજપીપળા પોલીસ સ્ટેશન દ્વારા સુરક્ષા સેતુ સોસાયટીનાં માધ્યમ દ્વારા આયોજિત મહિલાઓ માટે ખાસ વર્કશોપનું આયોજન કરાયું

રાજપીપળા : મહિલા સામખ્ય સંસ્થા અને રાજપીપળા પોલીસ સ્ટેશન દ્વારા સુરક્ષા સેતુ સોસાયટીના માધ્યમથી ખાસ મહિલાઓ માટે વર્કશોપનું આયોજન રાજપીપળાના હરસિધ્ધિ માતાના મંદિર ખાતે કરાયું હતું જેમાં ૨૫૦ જેટલી ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ હાજર રહી,આ સંમેલનમાં મહિલાઓ માટે શિક્ષણ, આરોગ્ય, સ્વરોજગાર અને કેન્દ્ર તથા રાજ્ય સરકારની યોજનાઓની માહિતી અપાઇ હતી.સમગ્ર વર્કશોપનું આયોજન જિલ્લા પોલીસ વડા મહેન્દ્ર બગડિયાના માર્ગદર્શનથી યોજાયું હતું. જેમાં હાજર રહેલા રાજપીપળા ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર રમેશભાઈ.એન રાઠવાએ નિર્ભયા સ્કવોર્ડ અંગે ખાસ માહિતી આપી હતી અને નાની ઉંમરે થતા પ્રેમ લગ્ન અટકાવવા તથા છોકરીઓના વેચાણની બદી અટકાવવા માટે માર્ગદર્શન પૂરું પાડી સમાજમાં ફેલાયેલા બદી અટકાવવા માટે બહેનોને જાગૃત થવા અપીલ કરી હતી. સાથે મહિલા સામખ્ય સંસ્થા દ્વારા મહિલા તથા બાળ સુરક્ષા અને સલામતી તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારોની યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. જયારે પોલીસ ઈન્સ્પેક્ટર રમેશભાઈ રાઠવાએ લેભાગુ સંસ્થાઓ દ્વારા અપાતી લાલચવાળી સ્કીમથી દૂર રહેવા અપીલ કરી હતી.

આ વર્કશોપમાં મહિલા સામખ્ય ટીમનાં સ્ટેટ કન્સલ્ટ રમીલાબેન પારગી તથા ભાવનગર અને સુરતના સંકલનકાર શાંતાબેન પરમાર તથા મનિષાબેન પ્રજાપતિ તેમજ શ્રોફ ફાઉન્ડેશન સંચાલિત વિવેક તાલીમ સેન્ટરના કૌશિક ભાઈ સહિત નર્મદા કચેરીના આરતીબેન તથા પ્રજ્ઞાબેન તથા હેતલબેન અને ફૂલવંતીબેન હાજર રહ્યા હતા.

સુરત ડાયમંડ એસોસિએશન દ્વારા 'ટેક્સ ભરવાના ફાયદા' અંગે સેમિનાર

સુરત પ્રિન્સીપલ કમિ. પ્રમોદકુમારનું માર્ગદર્શન

સુરત

સુરત ડાયમંડ એસોસિએશન અને ઈન્કમટેક્સ વિભાગ-સુરત દ્વારા ગતરોજ ગુરૂવારે સવારે ૧૧.૩૦ કલાકે જે.ડી. ગાબાણી હોલ, સૌરાષ્ટ્ર ભવન, મીનીબઝાર ખાતે ટેક્ષ ભરવાના ફાયદા અંગે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં પ્રમોદકુમારે હીરા ઉદ્યોગના અગ્રણીઓને ટેક્ષ ભરવાના ફાયદા અંગે વિગતવારમ ાહિતી આપી હતી અને દેશ ચલાવવા માટે વધુમાં વધુ ટેક્ષ ભરવા અપીલ કરી હતી.

હીરા ઉદ્યોગના અગ્રણીઓ સાથે પેનલ ડિસ્કશન રાખવામાં આવ્યું હતું. ઈન્ડસ્ટ્રીમાં ઈન્કમ ટેક્ષના પ્રશ્નો બાબતે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં તેમણે પાર્ટીને રૂબરૂ મળવાનો આગ્રહ કર્યો હતો અને જે પણ પ્રશ્ન હોય તો તેનો સંતોષકારક હલ આવશે તેવી ખાત્રી આપી હતી.

આ સેમિનારમાં મોટી સંખ્યામાં હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હાજર રહ્યા હતા. માર્ગદર્શન માટે મીહિર ઠક્કર, જીગ્નેશ શાહ અને રમેશ વઘાસીયા એડવોકેટ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે સુરત ડાયમંડ એસોસિએશનના પૂર્વ પ્રમુખો, હીરા ઉદ્યોગના અગ્રણીઓ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત ડાયમંડ એસો.ના પ્રમુખ બાબુભાઈ એન. ગુજરાતી, ઉપપ્રમુખ શાંતિભાઈ ધાનાણી, મંત્રી દામજીભાઈ માવાણી, સહમંત્રી બાબુભાઈ વીરડીયા, સહમંત્રી ગૌરવ સેઠી, ખજાનચી બાબુભાઈ છોડવડી, સહખજાનચી મોહનભાઈ વેકરીયા, કો.ઓર્ડિનેટર વિનુભાઈ ડાભી તથા કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન દામજીભાઈ માવાણીએ કર્યું હતું.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort
24 acres of sheer luxury
SILVASSA
Treat Water Park
A mind-blowing leisure spot
- 24 Acres Landscaped Gardens
- 194 Luxurious Rooms • Water Park
- Colorful Fountains • Wellness Spa
- Cricket/ Football Indoor Games
- Entertainment Programs
- 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.

: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
- સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
- વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
- લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
- સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
- લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
- સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
- લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
- એક્સક્લુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
- હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
- શેતરંજી + આસન

શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

ગરુડેશ્વર ગામે ઝેરોક્ષનો ધંધો કરી રોજગારી મેળવતા યુવાનના કેબીનને દબાણ બતાવી સરપંચે તોડી પડાવ્યું



અંગત અદાવતને લઈને સરપંચ કેબીન તોડ્યું હોવાનો આક્ષેપ : પોલીસ સ્ટેશનમાં યુવાને સરપંચ, સરપંચનો પુત્ર અને તલાટી સહીત ૧૦ લોકો સામે લેખિત ફરિયાદ આપી તમામ સામે FIR નોંધવાની માંગ કરી

રાજપીપળા : નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ગામે કેબીન ખોલી ક્ષેરોક્ષ મશીન દ્વારા તાલુકા અને મામલતદાર સાથે પોલીસ સ્ટેશનમાં કામે આવતા લોકોને ઝેરોક્ષની જરૂર પડે એ માટે પંચાયતની પરવાનગીથી ધંધો શરૂ કરનાર યુવાનને કોઈ અંગત અદાવત રાખી ગામના સરપંચ અવાર નવાર નોટિસો આપી હેરાન કરતા અંતે તેનું કેબીન ઉખેડી તોડી નાખતા યુવાને ગરુડેશ્વર પોલીસ સ્ટેશનમાં સરપંચ, સરપંચનો પુત્ર અને તલાટી વિરુધ લેખિત અરજ આી તમામ સામે FIR નોંધવાની માંગ કરી હતી જોકે પોલીસ FIR નહિ કરે તો કોર્ટના દ્વાર ખખડવા અને રાજય સરકારને રજુઆત કરવા આ યુવાને ચીમકી આપી છે. ગરુડેશ્વર તાલુકાના આમદલા ગામે રહેતો મિતેષ વિજય તડવી ગરુડેશ્વર ગામે કેબીન મૂકી ઝેરોક્ષ કાઢી પોતાનું ગુજરાન ચલાવતો હતો. આ કેબીન ગ્રામપંચાયતની મંજૂરીથી મૂકી અને નિયમિત જેનું કિરાયું પણ આપતો હતો ત્યારે ગ્રામ પંચાયત દ્વારા મિતેષ તડવીને નોટિસ આપી પંચાયત દ્વારા જેસીબી લાવી આ કેબીન તોડી પાડવામાં આવ્યું જેમાં મિતેશ તડવીને હજારોનું નુકસાન થયું. સરકાર યુવા બેરોજગારોને રોજગારી આપવા સહાય કરે છે અને ગરુડેશ્વર ગ્રામ પંચાયતે આ યુવાનની રોજગારી છીનવી લીધી ત્યારે આ કેબીન તોડવા અને તેને નુકસાન પહોંચાડવામાં ગામના સરપંચ,તલાટી સહીત ૧૦ લોકો સામે લેખિતમાં અરજી લખી પોલીસ સ્ટેશનમાં આપી હતી જેમાં લખ્યું હતું કે કોઈ અંગત અદાવત રાખી ગામના સરપંચે આ કેબીન તોડી પાડી હોય આ તમામ સામે કાર્યવાહી કરવા માંગ કરી છે.સાથે ચીમકી આપી છે કે જો આ લોકો સામે પગલાં ના ભર્યા તો કોર્ટના દ્વારા ખખડાવીશ સાથે રાજય સરકારને પણ રજૂઆત કરીશ તેમ જણાવ્યું છે.ત્યારે પોલીસ હવે શું પગલાં લેશે એ જોવું રહ્યું.

જમ્મુ કાશ્મીરમાં જવાનો પર કાતિલ હુમલા બાદ નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની સુરક્ષા વધારાઈ

નર્મદા ડેમ વાઈટલ ઈન્સ્ટોલેશન(રાષ્ટ્રીય સંપત્તિ)ની વ્યાખ્યામાં આવતું હોય સુરક્ષા ચક્ર મજબૂત કરાયું,નર્મદા ડેમ ખાતે કડક સુરા વ્યવથા



સુરક્ષા જવાનો ઉપર થયેલા કાતિલ હુમલા બાદ નર્મદા પોલીસ એલર્ટ,ગુજરાત મહારાષ્ટ્ર બોર્ડર પર ધનશેરા ચેકપોસ્ટ ખાતે કડક સિક્યુરિટી ચેકીંગ હાથ ધરાયુ

રાજપીપળા :જમ્મુ-કાશ્મીરના પુલવાવા જિલ્લામાં ભારતીય જવાનોની બે ગાડિયો પર આતંકવાદીઓએ હુમલો કર્યો હતો જેમાં ૪૦ થી વધુ જવાનો શહીદ થતા હતા.આ ઘટના બાદ સમગ્ર ભારત દેશની પોલીસ એલર્ટ થઈ ગઈ છે.ભારત દેશના જવાનો પર કાતિલ હુમલા બાદ નર્મદા જિલ્લાની પોલીસ પણ એલર્ટ થઈ કેવડિયા સ્થિત નર્મદા ડેમ અને વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની સુરક્ષામાં વધારો કરી દીધો છે. આગામી ૧૬મી ફેબ્રુઆરીથી ૧૭મી ફેબ્રુઆરી દરમિયાન કેવડિયા ખાતે ઓલ ઇન્ડિયા ઇલેક્શન કમિશનર કોન્ફરન્સ પણ કેવડિયા ખાતે યોજાવાની છે,સાથે સાથે નર્મદા ડેમ વાઈટલ ઈન્સ્ટોલેશન(રાષ્ટ્રીય સંપત્તિ)ની વ્યાખ્યામાં આવતું હોય અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમા હોવાથી દેશ-વિદેશના પ્રવાસીઓના ધસારાને ધ્યાનમાં રાખી આ બંને જગ્યાએ સુરક્ષા ચક્ર મજબૂત કરાયું છે.નર્મદા જિલ્લો મહારાષ્ટ્ર સીમાને અડીને આવેલો જિલ્લો છે જેથી ગુજરાત મહારાષ્ટ્ર બોર્ડર પર નર્મદા જિલ્લાની ધનશેરા ચેકપોસ્ટ ખાતે કડક સિક્યુરિટી ચેકીંગ હાથ ધરાયુ છે.હાલ નર્મદા પોલીસ દ્વારા નર્મદા ડેમ,સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવતા પ્રવાસીઓને અને એમના વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાઈ રહ્યું છે.

આતંકીઓના આકા ગણાતા પાકિસ્તાનને પાઠ ભણાવવાની માંગ સાથે નર્મદા વીએચપીનું આવેદન

વીએચપી,બજરંગ દળ,વેપારી મંડળો અને શહેરના નાગરિકો મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા અને અંતે આ હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી



રાજપીપળા : નર્મદા જિલ્લા વિશ્વ હિન્દૂ પરિષદ અને બજરંગ દળ દ્વારા જમ્મુ કશ્મીરના પુલવામાં આતંકવાદી હુમલામાં શહિદ થયેલા વીર જવાનોની દુખદ ઘટનાને વખોડતું આવેદનપત્ર આપવામાંઆવ્યુંનર્મદા કલેક્ટરને આપાયેલા આવેદનમાંરાષ્ટ્રપતિને સંબોધી લખ્યું હતું કે આ હુમલાને અમે શખત શબ્દોમાં વખોડીએ છીએ આવી ઘટનાઓથી આપણા સેનાના જવાનો શહાદત થાય છે માટે આવનારા સમયમાં આ આતંકીઓ અને એમના આકા ગણાતા પાકિસ્તાનને એવો પાઠ ભણાવવામાં આવે કે આ પછીની પાકિસ્તાની નસલો પણ આંખ ઉઠાવતા પેહલા હજાર વાર વિચાર કરે,ભારત એવો હુમલો કરે કે તેની નોંધ વિશ્વમાં આતંકવાદમાં માનનારા લોકો પણ ધ્રુજી ઉઠે અને સમગ્ર વિશ્વમાં ઉદાહરણ ગણાય.

રાષ્ટ્રપતિને સંબોધતું આવેદન નર્મદા કલેક્ટરને આપી,ભારત એવો હુમલો કરે કે તેની નોંધ વિશ્વમાં આતંકવાદમાં માનનારા લે તેવી માંગ કરી રેલી કાઢી શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી
જમ્મુ કશ્મીરના પુલવામાં આતંકવાદી હુમલામાં શહિદ થયેલા વીર જવાનોને શ્રદ્ધાંજલિ

તિલકવાડા પોલીસે અલવા ગામે છાપો મારી ૨૪ હજારના જુગાર સાથે નવ જુગારીયાને દબોચી લીધા

રાજપીપળા : નર્મદા જિલ્લામાં ઘણા સમયથી દારૂ જુગાર બાબતે પોલીસ વડા કડક વલણ અપનાવે છે છતાં ક્યાંક ને ક્યાંક ખાનગીમાં જુગારીયાઓ આ વેપલો ચાલવતા જોવા મળે છે પરંતુ પોલીસ ને બાતમી મળતાજ રેડ કરી આ ધંધા બંધ કરાવાય છે ત્યારે ગુરુવારે બાતમીના આધારે તિલકવાડા પોલીસે પણ એક જુગાર ધામ પર છાપો મારી નવને ઝડપી લીધા હતા

પ્રાપ્ત માહિતી અનુસાર તિલકવાડા પોલીસે બાતમી મળતાજ અલવા ગામે જુગાર ના એક અડ્ડા પર રેડ કરી જુગાર રમતા નવ વ્યક્તિને ઝડપી લેતા બીજા જુગારીયાઓમાં ફફડાટ ફેલાયો હતો. અલવા ખાતે જુગારમાં પકડાયેલા નવ જુગારીયાઓમાં પ્રવિણ કાશીરામભાઈ તડવી,પરેશ વેચાભાઈ તડવી,સતીષ શનાભાઈ તડવી,કીરીટ કાંતિભાઈ તડવી,રાકુલ પ્રતાપભાઈ ભીલ,કિરણ ભીખાભાઈ ભીલ,નટુ ગોપાલભાઈતડવી, કાશીરામ કાનજીભાઈ તડવી,રઘુરામ બાબુભાઈ તડવીને જુગાર રમતા રોકડ રૂપિયા ૨૧,૪૯૦/- અને મોબાઈલ મળી કુલ રૂપિયા ૨૪,૪૯૦/-ના મુદ્દામાલ સાથે તિલકવાડા પોલીસે પકડી કાયદેસર કાર્યવાહી કરી છે.